# સેવા સુવાસ




'અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.'
સ્વામી વિવેકાનંદ

## સંયુકત મુખપત્ર

ઓકટોબર થી ડિસેમ્બર – ૨૦૨૫



દિવાળી સ્નેહમિલન




કારકિર્દી માર્ગદર્શન સેમિનાર




દાનની અનોખી રીત



બેસ્ટ કાર્યકર એવોર્ડ



સેકન્ડ ઈનિંગ શિબિર



ડાયરો – ૪૫મો વાર્ષિકોત્સવ

# સેવા સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર ‘‘સેવા સુવાસ’’ તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭થી ‘‘શારદા સુવાસ’’ નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતાં.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુક્ત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણ સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક તથા રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિશેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો અહી રજૂ કરતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.


| | સાંકળીયું | પાન નં. |
|---|---|---|
| ૧. | વલોણું | ૨ |
| ૨. | વિવેકાનંદના પત્રોમાંથી | ૪ |
| ૩. | માતૃશકિત | ૫ |
| ૪. | અમારી વાત | ૬ |
| ૫. | સંસ્થાનાં સમાચાર | ૭ |
| ૬. | સત્સંગના સથવારે | ૨૨ |
| ૭. | અમે કયાં ચુકયા? / ભૂલ સ્વીકાર | ૨૨ |
| ૮. | સંશોધનની એરણેથી | ૨૩ |
| ૯. | નાનાઓની મોટાઈ | ૨૪ |


**(મુખપૃષ્ઠ) : સંસ્થાના ૪૫ મા વાર્ષિક કાર્યક્રમની ઝલક**


**સેવા સુવાસ સમિતિ**

બંકિમ શેઠ

જાગૃતિ શાહ
મુકેશ પરીખ
મનીષ ચૌહાણ
મમતા વસાવા
ઘનશ્યામ પટેલ
મંજુલા માછી
પરષોત્તમ વસાવા
વિક્રમસિંહ વાંસદીયા
ગાયત્રી પટેલ
જૈમિત રાવલ

## વલોણું :
## યુવાનોનું જીવન ઘડતર – એક પડકાર

સેવા રૂરલ દ્વારા છેલ્લા ૩૬ વર્ષથી ઝઘડિયા તાલુકાના ગુમાનદેવમાં વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્રમાં જરૂરિયાતમંદ યુવાનોને તાલીમ આપીને પગભર કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે.

આ તાલીમ કેન્દ્રની ૪૧મી બેચ સપ્ટેમ્બર ૨૦૨૫ થી શરૂ થઈ. અત્યારે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં રહીને ટેકનીકલ તાલીમ લઈ રહયા છે. સવારે ૯ થી ૬માં કલાસરૂમમાં અભ્યાસ, જીવન ઘડતરની વિવિધ પ્રવૃતિઓ અને સાંજે ૭ થી રાત્રે ૯ વાગ્યા સુધી વિવિધ પ્રવૃતિઓમાં વિદ્યાર્થીઓ સહભાગી થતાં હોય છે અને સવારે શ્રમયજ્ઞમાં પણ બધા જોડાય.

તા. ૨૬/૧૧/૨૦૨૫ ની રાત્રે ૧૨ થી ૧ ના સમયમાં વિજીટીકે હોસ્ટેલના બે વિદ્યાર્થીઓ કેમ્પસની ફેન્સિંગના છીંડામાંથી ગુમાનદેવ ચાર રસ્તા ઉપર ગયા. ચાર રસ્તા ઉપર આવેલ પાન–મસાલાની કેબિનનું તાળું તોડીને ચોકલેટ, સિગરેટ, માવા, ગુટકા વિગેરેની ચોરી કરી. ચોરી કરેલ સામાનમાંથી થોડો હોસ્ટેલ રૂમ ઉપર લઈ આવ્યાં અને મોટાભાગનો સામાન કેમ્પસની વાડ પાસે સંતાડી દીધો.

કેબિનના માલિક પોતાની કેબિન તૂટી છે તો તેનું રીપેરીગ કરવાનું હોવાથી એ કામ માટે વિજીટીકેમાં આવ્યા. એમના દ્વારા વિજીટીકેના કાર્યકરોને ખબર પડી કે ગુમાનદેવ ચાર રસ્તા ઉપર ગઈ રાત્રીએ કેબિનમાં ચોરી થઈ છે.

તા. ૨૭મી એ વિજીટીકે હોસ્ટેલમાં બપોરે રિસેસ પછી જે વિદ્યાર્થી ગેરહાજર હતો તેની તપાસ કરવા જતાં ધ્યાનમાં આવ્યું કે રૂમમાં ચોકલેટના રેપર અને માવાના રેપર વધુ પ્રમાણમાં પડેલાં છે. જે સામાન્ય દિવસોમાં હોતા નથી.

આ ચોકલેટ અને માવા વિગેરે સામાન આગામી રાત્રે ચોરી થયેલ સામાન સાથે મળતો આવતો હતો અને આ રીતે ગુમાનદેવ ચાર રસ્તા ઉપર થયેલી ચોરીમાં વિજીટીકેના વિદ્યાર્થીઓ સામેલ હોઈ શકે એવી શંકા ગઈ. આ રૂમના વિદ્યાર્થીઓની બેગ તપાસ કરતા થોડો સામાન મળ્યો. હોસ્ટેલની આજુબાજુ કેમ્પસમાં તપાસ કરતા ચોરાયેલ માલ સામાનનો મોટો જથ્થો મળી આવ્યો.

ઉપરોક્ત બનાવ સંદર્ભે વિભાગીય વડા સાથે મિટિંગ કરવામાં આવી. જરૂરી કાર્યવાહી કરવાનો નિર્ણયો લેવાયા.
– દુકાનદારને મળીને વાત કરવી.
– પોલીસ કાર્યવાહી કરવી ?
– ચોરીમાં સામેલ વિદ્યાર્થીઓને શોધી કાઢવા.

બપોરે રીસેસ બાદ તપાસ કરતા બે વિદ્યાર્થીઓ ચોરીમાં સામેલ છે એ નામ આવી ગયા. બંને સાથે વાત કરતા બંનેએ ચોરીનો ગુહનો કબૂલ કરી લીધો.

કેબિનના માલિક સાથે વાત થઈ. તેઓ પોલીસ કેસ કરવા તૈયાર ન હતા. તેમને તેમના ચોરાયેલ સામાનનું વળતર મળી જાય તે મંજૂર હતું. બંને વિદ્યાર્થીઓના વાલીઓને જાણ કરીને બીજા દિવસે તા.૨૮/૧૧ ના રોજ મળવા બોલાવી લીધા. તા.૨૮/૧૧/૨૫ સવારે બંને વિદ્યાર્થીઓના વાલીઓને બનાવની જાણ કરીને વિગતવાર ચર્ચા કરી.

બંને વાલીઓ થયેલ બનાવથી ખૂબ જ દુઃખી હતા. તેમના પુત્રો ઉપર ગુસ્સો કરીને ધોલધપાટ પણ કરી. પરંતુ બંને વાલીઓને શાંતિથી સમજાવ્યા. બંને વાલીઓ ચોરીમાં ગયેલ સામાનની કિંમત ભરપાઈ કરવા તૈયાર હતા. વાલીઓ પાસે લખાણ લઈને તેમના પુત્રોને સોંપી દીધા (કેન્દ્રમાંથી કાયમ માટે

છુટા કર્યા). સામાન અને રૂપિયા દુકાનના માલિકને ચૂકવી દીધા.

રાત્રી પ્રાર્થનામાં વિદ્યાર્થીઓ સાથે શરમજનક બનાવની વિસ્તૃત ચર્ચા કરી.

**"હવે જોઈએ બીજી એક ઘટનાની વાત...**

એક વર્ષ અગાઉની ૪૦મી બેચના કેટલાક વિદ્યાર્થીઓ એક રવિવારે, રજાના દિવસે કેમ્પસ બહાર આવેલા પ્રસિધ્ધ ગુમાનદેવના હનુમાનજી મંદિરે દર્શન કરવા ગયા. મંદિરે દર્શન કરીને બહાર નિકળતા હતા ત્યારે બહારના ચોગાનમાં બાંકડા ઉપર એક લેડીસ પર્સ પડેલું જોયું. પર્સ ઉપાડીને જોયું તો તેમાં મોટી રકમની નોટોનું બંડલ હતું અને સાથે સાથે સોનાંના દાગીના પણ હતા. વિદ્યાર્થીઓ આ પર્સ જોઈને થોડા ગભરાઈ ગયા. પાકિટમાં મોટી રકમ છે. આપણને પર્સ લેતા કોઈએ જોયા હશે ? આપણી માથે આરોપ આવશે ? વિગેરે ચિંતાઓ સાથે થોડે દૂર જઈને પાકિટ સાથે રાખીને બેસી ગયા. કોઈ પાકિટ શોધવા આવે છે કે નહિ તેની રાહ જોતા બેસી રહયા. જમવાના સમયે વારાફરતી આવીને જમી લીધું. પાછા પાકિટની તપાસ રાખતા બેસી રહયા.

સાંજ પડી ત્યાં સુધી બેસી રહયા. સાંજના એક દંપતી હાંફતા હાંફતા આવ્યા અને જેતે જગ્યા ઉપર જઈને પાકિટ શોધવા લાગ્યા.

વિદ્યાર્થીઓએ પાસે જઈને વિગતો પૂછતાં ખાત્રી થઈ કે તેઓ પાકિટ જ શોધી રહયા છે. પાકિટના સામાન અંગે પૂછપરછ કરતા પાકિટ તેઓનું જ છે એવી પાકકી ખાત્રી થતાં વિદ્યાર્થીઓએ પાકિટ પરત કર્યુ.

પાકિટના માલિક વિદ્યાર્થીઓને ધન્યવાદના રૂપમાં રકમ આપવા લાગ્યા, છતાં વિદ્યાર્થીઓએ લેવાની ના પાડી અને વિદ્યાર્થીઓ હોસ્ટેલમાં આવ્યા. રાત્રીની પ્રાર્થનામાં આ વાત રજૂ કરી.

અમારી મૂંઝવણ એ છે કે એક બાજુ ખૂબ મોટી રકમનું પાકિટ જે તે માલિકને પાછુ આપવું અને બીજી તરફ વ્યસન માટેની થોડી વસ્તુઓ મોડી રાત્રે જઈને દુકાનમાંથી ચોરી કરવી.

આવા વિરોધાભાસી પ્રસંગો બનતા રહે છે. બે એક વર્ષ પહેલા કેટલાક વિદ્યાર્થીઓએ અમારા કેમ્પસમાં આવેલ મંદિરની અંદર રહેલી દાનપેટી તોડીને પૈસાની ચોરી કરી હતી અને આજ વિદ્યાર્થીઓ પૈકી કોઈક વિદ્યાર્થી રસ્તામાં પડેલું પૈસાનું પાકિટ લઈને સંસ્થામાં જમા પણ કરાવે છે.

આવી વિરોધાભાસી માનસિકતા સાથેના વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરવામાં કયા મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ ?

**આ વિરોધાભાસી માનસિકતાનો પરિચય દરેક બેચમાં થતો રહે છે. પણ દુઃખદ પ્રસંગો અમોને શું શું સંદેશાઓ આપે છે ?**

૧.વિદ્યાર્થીઓનું બાળપણનો ઉછેર આ માટે કારણભૂત છે ?
૨.યુવાનીમાં મિત્રમંડળનો સંગ કારણભૂત છે ?
૩.મોજ શોખના રવાડે ચડેલા વિદ્યાર્થીઓ આપ્રકારના હીન કૃત્ય કરે છે ?

**આવા દુઃખદ પ્રસંગોનો ઉપાય શું ?**

અમારા ચારેક દાયકાના અનુભવો એવું કહે છે કે, વિજીટીકેમાં દાખલ થતા વિદ્યાર્થીઓ પૈકી કોઈક જ લોભ લાલચ અથવા પૈસાના અભાવે મોજશોખ પૂરા કરવા માટે આવા ટૂંકા રસ્તાઓ અપનાવે છે. જોડે જોડે આવા બે થી ચાર વિદ્યાર્થીઓ જ અન્ય સારા વિદ્યાર્થીઓમાં પણ કુસંગ ફેલાવે છે. જોકે અમો વિદ્યાર્થીઓની આવી કુસંગ અને હાનિકારક પ્રવૃતિઓને અટકાવવા માટે અને સાચી રાહ દર્શાવતી જીવન ઘડતરની ઘણી પ્રવૃતિઓ કરાવીએ છીએ.

# વિવેકાનંદના પત્રો માંથી

**શિકાગો,**
**૨૮ મી મે, ૧૮૯૪**

પ્રિય આલાસિંગા,

ન્યૂયોર્ક અને બોસ્ટન વચ્ચે સતત દોડાદોડ કરવી પડતી હોવાથી હું તમને પત્રનો જવાબ વહેલો આપી શકયો નથી; મારું ભારત પાછા ફરવાનું કયારે થશે એ હું જાણતો નથી. જે મારી પાછળ રહીને મને દોરી રહ્યો છે તે પરમેશ્વરના હાથમાં જ બધું સોંપી દેવું એ બહેતર છે. જાણે હું કદી હતો જ નહિ એમ સમજીને મારા વગર કાર્ય કરવાનો પ્રયત્ન કરો. કોઈ વસ્તુ કે વ્યક્તિની રાહ જોઈને બેસશો નહિ. બને તે યથાશક્તિ કરો. કોઈપણ વ્યક્તિની સહાયની અપેક્ષા નહિ રાખો.

મેં અહીં સારા પ્રમાણમાં વ્યાખ્યાનો આપ્યાં છે... અહીં ખર્ચ ઘણું આવી જાય છે. જોકે અહીંના ઉત્તમ અને સુપ્રતિષ્ઠિત કુટુંબોએ લગભગ હંમેશાં સર્વત્ર મારી સંભાળ લીધી છે, છતાંય પૈસાને તો પાંખો આવી જાય છે.

મારા પોતાના દેશમાં મારી કદર પૂરતા પ્રમાણમાં થયેલી છે. પરંતુ એવી પ્રશંસા થાય કે ન થાય, હવે નથી ઊંઘી રહેવાનું કે નથી પ્રયત્નોમાં શિથિલતા દાખવવાની. તમારે ધ્યાનમાં રાખવાનું છે કે હજી સુધી તો આપણું કાર્ય અલ્પાંશે પણ અમલી બન્યું નથી.

સુશિક્ષિત યુવાનો ઉપર અસર કરવાનો પ્રયાસ કરો, તેમને એકત્રિત કરીને સુવ્યવસ્થિત કરો. મહાન કાર્ય તો મહાન બલિદાનથી જ પાર પડે છે. સ્વાર્થનો ત્યાગ કરો. તમારી, મારી કે સ્વયં મારા ગુરુની પણ નામના કે કીર્તિની ખેવના ન રાખો ! વત્સો ! વીર, ઉદાર અને સારા યુવાનો ! આપણી ભાવનાને, આપણી યોજનાને સફળ બનાવો.

સ્વાર્થને ફેંકી દઈને કામમાં લાગી જાવ. યાદ રાખજો કે 'ઘાસનાં તણખલાંને એકત્ર કરીને બનાવેલું દોરડું મદમત્ત હાથીને પણ બાંધી શકે છે.' પ્રભુના આશીર્વાદ તમારા સૌની ઉપર હો! ઈશ્વરની શક્તિો તમારા સૌમાં આવિર્ભાવ થાઓ; હું તો માનું છું કે એ શક્તિમારા સૌમાં 'રહેલી જ છે.' વેદો કહે છે, 'ઊઠો, જાગો અને લક્ષ્ય–સિદ્ધિ કર્યા વિના જંપો નહિ.' ઊઠો, ઊઠો, દીર્ઘ રાત્રિ પૂરી થવા આવી છે. દિવસ ઊગવાની તૈયારી છે, ભરતીનું મોજું ઊંચે ચડયું છે, એના પ્રચંડ ધસારાને રોકવાની કોઈની પણ તાકાત નથી. વીરતા બતાવો, મારા નવયુવક ! વીરતા બતાવો, પ્રેમની ભાવના કેળવો, મારાં બાળકો પ્રેમની ભાવના કેળવો મારાં બાળકો! પ્રેમની ભાવના કેળવો અને શ્રદ્ધા રાખો. વિશ્વાસ રાખો, અને ભયને તિલાંજલિ આપો! ભય. એ જ મોટામાં મોટું પાપ છે.

તમને સૌને મારા આશીર્વાદ છે. આપણા કાર્યમાં સહાયભૂત થયેલા મદ્રાસના સૌ ઉદાર ચરિત ભાઈઓને કહેજો કે તેઓ પ્રત્યે હું સદાને માટે પ્રેમ અને કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. પરંતુ હું તેમને વિનંતી કરું છું કે તેઓ આપણા કાર્યમાં શિથિલ ન બને. એ વિચારનો ખૂબ ફેલાવો કરો. અભિમાન રાખશો નહિ; સિદ્ધાંત વિષે જિદ્દી બનશો નહિ; કોઈપણ બાબતનો વિરોધ કરશો નહિ; આપણું કાર્ય તો રસાયણોને ભેગાં કરવાનું જ છે, પણ એનું સ્ફટિક–રૂપ કયારે અને શી રીતે બંધાશે એ તો પરમેશ્વર જ જાણે છે. સૌથી વધુ તો એ કે મારા કે તમારા કાર્યની સફળતાથી ફુલાઈ જશો નહિ. ભવિષ્યમાં મહાન કાર્યો કરવાનાં છે; ભાવિમાં જે

બનવાનું છે તેની સરખામણીમાં આ અલ્પ સફળતાનું મૂલ્ય કેટલું ? માનો, અરે માનો કે આદેશ થઈ ચૂકયો છે, ઈશ્વરીય આજ્ઞા નીકળી ચૂકી છે કે ભારતનું ઉત્થાન અવશ્ય થશે અને ભારતની જનતા અને ગરીબ પ્રજા સુખી થવાનાં છે. આનંદિત થાઓ કે આ કાર્યના નિમિત્ત બનવા માટે પરમેશ્વરે તમારી વરણી કરી છે. આધ્યાત્મિકતાનું પૂર ચડવા લાગ્યું છે. હું જોઈ રહ્યો છું કે નિર્બંધ, અફાટ અને સર્વગ્રાસી એ પૂર ભારતભૂમિ ઉપર ધસી રહ્યું છે. એકેએક જણ આગળ આવી જાય; દરેકે દરેક શુભસંકલ્પ એ વેગમાં ભળશે અને દરેકે દરેક જણ પોતાના હાથથી એના વહનનો માર્ગ સરળ કરતો જશે. જય હો પરમેશ્વરનો ! .....

શરૂઆત નાની છે એથી ડરી જતા નહિ; ભવિષ્યમાં મહાન કાર્યો થશે. હિંમતવાન બનો, તમારા બંધુઓ ઉપર હુકમ ચલાવીને એમને દોરવાનો પ્રયત્ન કરશો નહિ, પરંતુ એમની સેવા કરજો. અન્યને દોરવાના પાશવી ઉન્માદે જીવનસાગરમાં અનેક મહાન નૌકાઓને ડૂબાવી દીધી છે. ખાસ કરીને આ ધ્યાનમાં રાખજો કે મૃત્યુની ઘડી સુધી નિસ્વાર્થ રહેજો અને કાર્ય કરજો. મારે જે કહેવાનું હતું તે સઘળું હું લખી શકયો નથી, પરંતુ મારા બહાદુર યુવકો ! પ્રભુ તમને સઘળી સમજણ આપી રહેશે. વત્સો ! કાર્યનો આરંભકરી દો. પરમેશ્વરનો જય હો !.....

પ્રેમપૂર્વક તમારો
વિવેકાનંદ

<u>આલાસિંગા :</u> સ્વામી વિવેકાનંદના સમર્પિત અને અનન્ય ભકત હતા. તેઓ મદ્રાસ શહેરમાં રહેતા હતા.
( સ્વામી વિવેકાનંદના પત્રો – પુસ્તકમાંથી
– સાભાર... ટુંકાવીને )

## માતૃશકિત

રીનાબેનની પ્રથમ સુવાવડ. રીનાની ઉંમર પણ નાની ૧૬ વર્ષ. અધુરા માસે દુઃખાવો થતા સેવા રૂરલમાં આવ્યાં. અધુરા મહિને સુવાવડ થઈ. જન્મ સમયે બાળકનું વજન ખૂબ ઓછું. NICU માં બાળકને દાખલ કર્યુ. અધુરા માસે જન્મ, વજન ઓછું, શ્વાસ લેવામાં તકલીફ તેમજ બાળક જન્મ સમયે રડયું પણ ન હતું. જન્મથી જ બાળકને નળીથી પાવડરનું દૂધ પીવડાવતા હતા. સારવાર ચાલું હતી અને ઘરના લોકો વારંવાર રજા માગ્યા કરતા હતા. એટલે કાઉન્સેલર બેને જોખમ સમજાવ્યું તો પણ રહેવા તૈયાર ન હતા. એટલે ફીલ્ડ સુપરવાઈઝરને જાણ કરી. સુપરવાઈઝર દ્વારા પણ સમજ આપી અને રજા ન લેવા જણાવ્યું. બે ત્રણ દિવસ રહયા અને છેલ્લે ના કહેવા છતાં ડોકટરની રજા વિરૂધ્ધ ઘરે જતા રહયાં.

ગૃહ મુલાકાત વખતે બાળકની તપાસ કરી. તો બાળકનું વજન ઘટી ગયું હતું. બાળક બિલકુલ ધાવણ લેતું નથી. તપાસ કરતાં ખબર પડી માતાની બંને છાતીમાં ડીંટડી બિલકુલ અંદરના ભાગે હોવાથી બાળક ધાવણ નહોતું લઈ શકતું. બાળક એકદમ ફિકકું લાગતું હતું. (સીવીયર એનીમિક) તેમજ સાવ ઠંડુ પડી ગયેલું અને ખૂબ ધીમું શ્વાસ લેતું હતું. ઘરના સભ્યોને બાળક વિશે સમજાવ્યું. પરંતુ હોસ્પિટલ આવવા તૈયાર ન હતા. RBSK (રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ) ટીમ પણ સવારે ૮:૪૫ વાગ્યે આ બાળકના ઘરે આવેલી. મેડિકલ ઓફિસર, લેબટેકનીશ્યન, આશાબેન બધાં જ સવારે આવેલાં અને હોસ્પિટલ જવા સમજાવ્યું તો પણ જવા તૈયાર ન થયા. સેવા રૂરલમાંથી ફીલ્ડ

સુપરવાઈઝરે બેનના સાસુ, પતિ તેમજ આજુબાજુ વાળાને ભેગા કરી સમજાવ્યું કે સાંજ પડતા પહેલા આ બાળકને કંઈ પણ થઈ શકે છે. એને અત્યારે જ હોસ્પિટલમાં દાખલ કરવું પડશે. બેન આવવા તૈયાર થયાં પરંતુ પતિ અને સાસુ આવવા તૈયાર ન હતાં. કારણ અમારે હોસ્પિટલમાં જવું નથી. માંડ – માંડ સમજાવ્યા અને સુપરવાઈઝર દ્વારા ૧૦૮ બોલાવી બાળકને સેવા રૂરલ મોકલ્યું. સાથે આશાબેનને મોકલ્યા અને સેવા રૂરલમાં દાખલ કરાવ્યું. દાખલ કરી તપાસ કરતા HB ૩.૭ ગ્રામ, તાત્કાલીક લોહીની જરૂર A+ve બ્લડ માટે અંકલેશ્વર, ભરૂચ, બધે જ ફોન કર્યા. પરંતુ કોઈ જગ્યાએ A+ve વાળું નહી મળ્યું. સેવા રૂરલમાં ઈમરજન્સી માટે એક બ્લડ બેગ હતી. તેમને વિનંતી કરીને એ BT અપાવ્યું. બેનનું ગ્રુપ AB-ve અને ભાઈનું O+ve આવ્યું. બીજા દિવસે પણ BT ની જરૂર પડી તો સેવા રૂરલમાંથી વ્યવસ્થા કરી અનેBT ચઢાવ્યું.

સારવાર ચાલું છે. ૨૦ દિવસ થયા વજનમાં ફરક પડે છે. નળી નાંખી છે. નળીમાંથી દૂધ પીવડાવે છે. માતા પણ બીમાર થઈ તો તેની પણ સારવાર કરાવી અને બંનેની સારવાર ચાલું છે અને તબિયતમાં સુધારો છે.

તા.૭/૧/૨૦૨૬ ના રોજ રજા થઈ. વજન વધ્યું છે અને ઘરે સતત કાંગારું મધરકેર (KMC) કરે છે. નવડાવતા નથી હવે ધાવણ પણ સરસ લે છે. સેવા રૂરલમાં ફોલોઅપમાં પણ આવી ગયું છે. છેલ્લું વજન ૨.૨૫૦ કિગ્રા થયું છે. ફીલ્ડ સુપરવાઈઝરની નીસ્બતના દર્શન થાય છે.

## અમારી વાત

### ડોકટર ભગવાન સ્વરૂપે મળ્યા

નામ : સિધ્ધાર્થભાઈ શાંતિલાલ વસાવા
ઉંમર : ૧૭ વર્ષ
ગામ : બાબદા, તા. ડેડીયાપાડા

સિધ્ધાર્થભાઈ ITI માં અભ્યાસ કરતો. તેને ચાર માસથી જાંઘના ભાગે કાળો ડાઘ પડયો હતો. પછી તેમાં ફોલ્લા પડયા અને તેમાં પાક થયો હતો. સિધ્ધાર્થ માટે તેના માતા–પિતા ઝાડ–મૂળીની દવા લાવ્યા. પણ તેનાથી પરૂ થતાં તેમાંથી પરૂ બહાર આવતા ઘણો દુઃખાવો થતો અને ખૂબ રડતો. ઘરમાં ખૂબ ગંધ આવતી. ગંધને કારણે ઘરમાં કોઈને આવવા દેતા ન હતા અને સ્પ્રે આખા ઘરમાં છાંટતા છતાં ત્યાં ગંધના કારણે રહેવાતું ન હતું. સિધ્ધાર્થને ઉમરપાડા દવાખાને બતાવવા લઈ ગયા. ત્યાં સારવાર કરાવી પણ આ દવાથી તેને કોઈ ફેર ન પડયો અને ઘા વધતો જતો હતો. માટે તેને ડેડીયાપાડા સરકારી દવાખાને દાખલ કર્યો પણ સારું ન થતાં સિધ્ધાર્થને જાતે રજા લઈને પાછા ઘરે લઈ ગયા.

બીજા દિવસે તેને ગાડી ભાડે કરી બેડવાણમાં ખાનગી ડોકટરને બતાવવા લઈ ગયા. હવે સિધ્ધાર્થથી ચલાતું પણ ન હતું. તેને ઝઘડિયા સેવા રૂરલ માં ડોકટર અમીબેનને (સર્જન) બતાવવા લઈ જાવ તેવી સલાહ આપી. તેઓ સીધા સેવા રૂરલમાં સિધ્ધાર્થને લઈ આવ્યા. તેઓ આવ્યા તે દિવસે ડો.અમીબેન આવેલા જ હતા તેમણે જોઈને તા.૧૪/૧૦/૨૦૨૫ના રોજ પાક કાઢી ઓપરેશન કરી નાનો ટુકડો લઈ બાયોપ્સીના રિપોર્ટ માટે મોકલાવ્યો. રિપોર્ટમાં ઈન્ફેકશન આવ્યું. પછી તેને

ઘરે રોજ ડ્રેસીંગ કરાવવાનું કહયું અને તા.૪/૧૧/૨૦૨૫ના રોજ Debridement (સાફ સફાઈ) ઓપરેશન કરવા માટે દાખલ થવા બોલાવ્યો. તેને દાખલ કરી તા.૫/૧૧/૨૦૨૫ના રોજ ઓપરેશન કરી બધુ ખરાબ થઈ ગયેલું પરૂ કાઢી નાખી બીજી જાંઘમાંથી ચામડી લઈ Skin Grafting નું ઓપરેશન કર્યું અને તેને ઈન્જેકશન એન્ટીબાયોટીક ચાલુ કર્યા. રોજ ઈન્જેકશન અને બીજી દવા શરૂ કરી. દર અઠવાડીએ ઓપરેશન થીયેટરમાં લઈ જઈને ડ્રેસીંગ કરતા. આમ કુલ ૧૯ દિવસના સારવાર બાદ તા.૨૨/૧૧/૨૦૨૫ના રોજ રજા આપી. રજા આપી ત્યારે **સિધ્ધાર્થ જાતે ચાલતો થઈ ગયો હતો** અને ઓપરેશનના ભાગે પણ સારુ થઈ ગયું હતું. સિધ્ધાર્થના મુખ પર સ્મિત આવી ગયું હતું તેના માતા–પિતા અને પરિવારના સભ્યો પણ ખૂબ ખુશ હતા.

**સિધ્ધાર્થના માતા – પિતા કહેવા લાગ્યા કે,** "અમે ભગવાનને તો નથી જોયા, પણ ડો.અમીબેન ભગવાન સ્વરૂપે મળ્યા અમે પતિ–પત્ની... દીકરાની તકલીફથી ખૂબ જ દુઃખી હતાં. અમને સમજ નહોતી પડતી કે અમે તેનું દુઃખ કેવી રીતે દૂર કરી શકીએ અમે પતિ–પત્ની છાના માના એકબીજાને જાણ ન થાય તેમ રડી લેતાં હતાં હવે અમારો દીકરો હસતો થઈ ગયો તેનો અમને ખૂબ આનંદ છે અને સેવા રૂરલના ડોકટર, સીસ્ટર બધા સ્ટાફે દીકરાની ખૂબ સારી સારવાર કરી અને સૌનો આભાર માન્યો."

આવા ગ્રામ્ય, અંતરિયાળ વિસ્તારમાં મેડીકલ સુવિધાઓનો, નિષ્ણાંત ડોકટરોનો ખૂબ અભાવ જોવા મળી રહયો છે.

સેવા રૂરલ, હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓએ, ઝઘડિયા આવતાં પહેલા... ઘણાં દવાખાના, દવાઓ કરાવવામાં ઘણો ખર્ચ કરી નાખ્યો હોય છે અને ઘણા કિસ્સાઓમાં સારવારમાં વિલંબ થવાને પરિણામે દર્દીને વધુ સહન પણ કરવું પડે છે.

## સેવા રૂરલ જનરલ સમાચાર

- ગાંધીવાદી વિચારક, સમાજ સેવક અને ગ્રામ સેવા સમિતિના અધ્યક્ષ સર્વોદય પરિવારના ડો. આર.કે. પાલીવાલે (રીટાર્યડ, IFS,IRS, ભોપાલ) તા. ૧ ઓકટો.૨૫ ગુમાનદેવ કેમ્પસમાં વિજીટીકેના વિદ્યાર્થીઓ, કાર્યકરો સમક્ષ ગાંધી વિનોબાના રચનાત્મક કાર્યો ઉપર મનનીય પ્રવચન કર્યુ.
- ફુડ ટેકનોલોજીસ્ટ શ્રીમતિ નિશાબેન કમલ (ઈન્દોર) દ્વારા તા.૪ અને ૫ ઓકટો. ૨૫ ના રોજ સંસ્થાના બંને રસોડાનું ઓડિટ કરવામાં આવ્યું. સાથે સાથે લગભગ ૩૦ જેટલા કાર્યકરોને 'કિચન મેનેજમેન્ટ' ઉપર તાલીમ આપી.
- તા.૬/૧૧/૨૫ ના રોજ ઝઘડિયા GIDC માં આવેલી KLJ કંપનીના ડાયરેકટર શ્રી અરવિંદ અગ્રવાલ ( IAS, રીટાર્યડ) સેવા રૂરલની શુભેચ્છા મુલાકાતે આવ્યા.
- તા.૧/૧૨/૨૫ ના રોજ યોગદા સત્સંગ સેન્ટર, રાંચીના પૂજય સ્વામી સુધ્ધાંનંદજી એ સેવા રૂરલના કાર્યકરો સમક્ષ 'Work is Workship' (કામ એ જ પૂજા) વિષય પર મનનીય ઉદ્બોધન કર્યુ.

- ગાંધી – વિનોબા ના વ્યકિત અને સમાજ પરિવર્તનના વિચારો અને રચનાત્મક કાર્યો પ્રેરિત "ભૂમિપુત્ર" માસિકનું_૭૫મું વર્ષ ૨૦૨૭માં શરૂ થશે. આ નિમિત્તે આ વિચારયાત્રાના અમૃત મહોત્સવની ઉજવણી કરવાના ઉદ્દેશથી તા.૨૭મી ડિસે.૨૫ ના રોજ અમદાવાદમાં એક આયોજન અંગેની મિટિંગમાં, સેવા રૂરલમાંથી બંકિમ શેઠ અને વિનોદ શાહ હાજર રહયા.
- સેવા રૂરલે ૪૫ વર્ષ તા.૨૬મી ઓકટોબર ૨૫ ના રોજ પુરા કરી. ૪૬માં વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે તમામ સ્ટાફ સાથે ગ્રુપચર્ચા કરવામાં આવી. વિષય "સેવા રૂરલનું ભાવિ દિશા – દર્શન". સ્ટાફના વિવિધ પ્રકારના કુલ ૨૨ ગ્રુપ સાથે આ વિષય પર ચર્ચા કરી. સૂચનો મેળવવામાં આવ્યા. આ ઉપરાંત બહારના શુભેચ્છકોના પણ સૂચનો મેળવીને અગામી ૫ થી ૧૦ વર્ષનો રોડમેપ બનાવવામાં આવ્યો. આ સમગ્ર પ્રક્રિયામાં XLRI જમશેદપુરના પ્રોફેસર વિનાયકભાઈ મદદ કરી રહયા છે.

## હોસ્પિટલ વિભાગ

- ડૉ. કુલદિપસિંહ ડોડીયા તા.૧૭ નવેમ્બર ૨૫ થી ફુલ ટાઈમ પીડિયાટ્રિશિયન તરીકે જોડાયા છે.
- ડૉ. હિરેનભાઈ ચાંડેગરા તા.૪ ડિસે. ૨૫ થી ફુલ ટાઈમ પીડિયાટ્રિશિયન તરીકે જોડાયા છે.
- ડૉ. દિવ્યેશ ચૌહાણ તા. ૧૦ નવે. ૨૫ થી ગાયનેકોલોજીસ્ટ તરીકે જોડાયા છે.
- ડૉ. સુદિપ્તાબેન ભાગવત તા. ૧૫ ડિસે.૨૫ થી ગાયનેકોલોજીસ્ટ તરીકે જોડાયા છે.
- તા. ૨૯ નવે.૨૫ ના રોજ ભારત સેવાશ્રમ સંઘ ડેડીયાપાડામાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો. જેમાં કુલ ૪૮ બ્લડની બોટલ ટેપીંગ થઈ.
- તા. ૩૦ ડિસે. ૨૫ ના રોજ અમેરિકા સ્થિત ડૉ. પ્રિયા મોહન અને તેમના પતિ લુઈસ મોન્ટાલ્વો દ્વારા સુવિધા કેન્દ્રના કિચન અને ડાયનીંગ હોલનું ઉદ્‌ઘાટન અનોખી રીતે કરવામાં આવ્યું. તકતીમાં પોતાનું નામ નહી પરંતુ પોતાના ગુરૂ એ આપેલ સુવિચાર **"માત્ર પ્રેમ દુનિયામાં બદલાવ લાવી શકે"** તે તકતીનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.
- તા. ૨૫ નવે. ૨૫ ના રોજ દિલીપભાઈ અને શ્રી મયંકભાઈ ભરૂચ ડીસ્ટ્રીકટ મેનેજમેન્ટ એસોસીએશન દ્વારા રીક્રુટમેન્ટ, રીટેન્શન, રીટાયર્ડમેન્ટ આ વિષય પર એક દિવસીય વર્કશોપમાં જઈ આવ્યા. ત્યાં વર્કશોપમાં ૨૫ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો.
- **ડેડીયાપાડા સેટેલાઈટ સેન્ટર આંકડાકીય વિગત:**

| અં. નં. | માસ | ઓપીડી દર્દી | રીફર |
|---|---|---|---|
| ૧ | ઓકટોબર – ૨૫ | ૧૨૬૨ | ૩૨ |
| ૨ | નવેમ્બર – ૨૫ | ૧૧૪૮ | ૨૬ |
| ૩ | ડિસેમ્બર – ૨૫ | ૧૨૪૦ | ૩૦ |
| કુલ | | ૩૬૫૦ | ૮૮ |

# આંખ વિભાગ

## આંખ નિદાન કેમ્પ દાતાઓની વિગત

| ક્રમ | તારીખ | ગામ | તાલુકો | વ્યક્તિગત / સહયોગી સંસ્થા |
|---|---|---|---|---|
| ૧. | ૫/૧૦/૨૫ | દઢાલ | અંકલેશ્વર | અતુલ ફાઉન્ડેશન – અંકલેશ્વર |
| ૨. | ૧૨/૧૦/૨૫ | ઉમલ્લા | ઝઘડિયા | દોશી ચંચળબેન શંકરલાલ અને શંકરલાલ રણછોડદાસ ટ્રસ્ટ ઉમલ્લા સ્વ. સુધાબેન અને સ્વ. અંબાલાલ દોશીના સ્મરણાર્થે |
| ૩. | ૨૬/૧૦/૨૫ | ઈન્દોર | ઝઘડિયા | સેન્ચ્યુરી એન્કા લિમિટેડ યુનિટ : (રાજશ્રી પોલીફિલ ઉમલ્લા)ના સૌજન્યથી |
| ૪. | ૨/૧૧/૨૫ | ડહેલી | વાલીયા | સ્વ. નરહરિશંકર ભટ્ટ ડહેલીના દિવંગત સ્વજનો, માતા, પિતા, ભાઈઓ, બહેનો અને બનેવીઓની પૂણ્ય સ્મૃતિમાં |
| ૫. | ૯/૧૧/૨૫ | ધમરાડ | હાંસોટ | સ્વ. નિતીદાબેન જશભાઈ પટેલ અમદાવાદના સ્મરણાર્થે |
| ૬ | ૧૬/૧૧/૨૫ | શીયાલી | ઝઘડિયા | જ્ઞાનયોગ દર્શન આશ્રમ શીયાલીના મહંત શ્રી. કૃષ્ણસ્વરૂપદાસજીના માતૃશ્રી. ચંચળબા, માતૃશ્રી. જીવીબા અને પિતાશ્રી ડાહયાભાઈ, કાકાશ્રી મથુરભાઈ અને ભાઈશ્રી રમણભાઈ, ભાઈશ્રી સુભાષભાઈ, ભાઈશ્રી ગીરીશભાઈના સ્મરણાર્થે |
| ૭ | ૨૩/૧૧/૨૫ | ભમાડીયા | વાલીયા | અતુલ ફાઉન્ડેશન – અંકલેશ્વર |
| ૮ | ૩૦/૧૧/૨૫ | નવા રાજુવાડીયા | નાંદોદ | સ્વ. રૂક્ષ્મણીબેન રાવજીભાઈ પટેલ નવા રાજુવાડીયાના સ્મરણાર્થે, હસ્તે સતિશભાઈ રાવજીભાઈ પટેલ |
| ૯ | ૭/૧૨/૨૫ | દહેજ | વાગરા | સામાજિક ઉત્તદાયિત્વ અંતર્ગત (CSR) હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ યુનિટ : બિરલા કોપર/D.H.I.L.દહેજ |
| ૧૦ | ૧૪/૧૨/૨૫ | કવિઠા | ભરૂચ | સ્વ. ચંપકભાઈ મહેતા ભરૂચના સ્મરણાર્થે |
| ૧૧ | ૨૧/૧૨/૨૫ | પઠાર | વાલીયા | સ્વ. શ્રી અનોખીલાલજી રતનલાલજી ધોકાની પૂણ્ય તિથી નિમિત્તે ધોકા પરીવાર અંકલેશ્વર તરફથી. |

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ (CHP)

- તા. ૧/૧૨/૨૫ થી તા.૨૬/૨/૨૬ દરમ્યાન દિવ, દમણ અને દાદરા નગર હવેલીના દરેક વ્યકિતનું સ્વસ્થ જન સ્વસ્થ સમાજના અભ્યાન અંતર્ગત દરેક કુટુંબની માહિતી અપડેઈટ કરવી અને ૩૦ વર્ષથી ઉપરના દરેક વ્યકિતનું હાઈપર ટેન્શન, ડાયાબીટીસ, માનસિક આરોગ્ય, પેલીએટીવ કેર, તેમજ કેન્સરના કેસ જેનું નિદાન થયેલ છે. એમને PHMP પોર્ટલ (મોબાઈલ તેમજ વેબ એપ્લીકેશન) પર લાવવા અને નવા કેસોને શોધવા માટેનું અભ્યાન શરૂ થઈ રહેલ છે. જેના ભાગરૂપે દરેક PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) ના સ્ટાફને સેવા રૂરલની ટીમ દ્વારા તાલીમ અને આ બધી પ્રવૃતિઓ કઈ રીતે કરીશું અને PHMP (મોબાઈલ તેમજ વેબ એપ્લીકેશન) પોર્ટલ પર એન્ટ્રી કઈ રીતે કરીશું તે સંદર્ભે વિવિધ પધ્ધતિઓ જેમકે પ્રેઝન્ટેશન દ્વારા, રોલપ્લે દ્વારા, ગ્રુપ વર્ક દ્વારા સમજ અને તાલીમ તા.૨૩/૧૧/૨૫ અને તા.૨૪/૧૧/૨૫ ના રોજ સેલવાસ અને દમણ ખાતે તાલીમ આપવામાં આવી. (કુલ ૮૨૫ સભ્યોને તાલીમ આપી.)
- તા.૨૮/૧૦/૨૫ ના રોજ ડો.ગાયત્રીબેન દેસાઈ દ્વારા આપવામાં આવેલ ફસ્ટ એઈડની તાલીમમાં દિવ્યાબેન, બકુલભાઈ, જયોત્સનાબેન અને ઘનશ્યામભાઈ જોડાયા.
- અઝીમ પ્રેમજી યુનિવર્સીટીમાંથી આવતા MPH (માસ્ટર ઓફ પબ્લીક હેલ્થ)ના વિદ્યાર્થીઓ માટે એક ડોકયુમેન્ટરી ફીલ્મ માટે વિડિયો સુટ તા.૧૦/૧૧/૨૫ ના રોજ કરવામાં આવ્યું. જેમાં ખાસ વિદ્યાર્થીઓના ફિલ્ડ પ્લેસમેન્ટ દરમ્યાન વિવિધ કામગીરી જેમકે ફિલ્ડ મુલાકાત, હોસ્પિટલ દાખલ દર્દી મુલાકાત, ઓપીડી મુલાકાત, વિવિધ સરકારી કર્મચારીઓ સાથે કામગીરી સંદર્ભે વિડિયો ડોકયુમેન્ટરી કરવામાં આવી.
- દિવ – દમણ અને દાદરા નગર હવેલીમાં ઘર દીઠ ફેમીલી આરોગ્ય કાર્ડ જેમાં ખાસ બિન ચેપી રોગની માહિતી દર્શાવતા કાર્ડ આપવામાં આવ્યા. કુલ ૨.૫ લાખ જેટલા કાર્ડ આપવામાં આવ્યા.
- તા.૧૫/૧૧/૨૫ ના રોજ સીકલસેલ પ્રોજેકટ અંતર્ગત સુરતથી આવેલ ડો.સંકેતભાઈની ટીમ દ્વારા કુલ ૨૧ દર્દીઓની થાપાના હાડકાનો ઘસારાનો કેમ્પ (Avascular Necrosis)માં રાખવામાં આવ્યો હતો. જેમાંથી ૧૩ જણને ઓપરેશન કરાવવાની જરૂર જણાય હતી. જેમાંથી એક વ્યકિતની સર્જરી થઈ ગયેલ છે. હાલમાં સારું છે હવે બાકીના ૧૨ વ્યકિતની સર્જરી કરાવવા માટેની તજવીજ ચાલુ છે.
- ચાઈલ્ડ હેલ્થ પ્રોજેકટ અંતર્ગત ચાલતા સર્વેમાં ઝઘડિયા તાલુકાના ગોવાલી અને પાણેથા તેમજ વાલીયા તાલુકાના ગુંદીયા અને ડહેલી PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર) કુલ ચાર ગામડાનો સર્વે પુરો કરવામાં આવ્યો. જેમાં ખાસ ૫ થી ૧૦ વર્ષના બાળકોનું કુપોષણનું સ્તર અને બાળકોની તકલીફો સંદર્ભે વિશેષ ભાર મુકવામાં આવેલ છે. તેમજ દરેક બાળકોનું હિમોગ્લોબીન (HB)નું પ્રમાણ જાણવું તે માટે બાળકોનું ઘરે જ હીમોગ્લોબીન (HB)

ની તપાસ કરવામાં આવેલ છે. જેમાં કુલ ૧૭૩૪૨ ઘરની મુલાકાત લઈ ૫૨૧૦ બાળકોની તપાસ કરવામાં આવેલ છે.

- ગુજરાત સરકારના આરોગ્ય વિભાગમાં "સ્ટેટ રિવ્યુ મિશન"ના ભાગરૂપે રાજયના છ જીલ્લામાં આરોગ્યની પ્રવૃતિઓનાં મૂલ્યાંકન માટે છ ટીમો બનાવી છે. સેવા રૂરલમાંથી ડો.ધીરેનભાઈ મોદી, ભરૂચ જીલ્લા અને ડો. કપીલ દવે, રાજકોટ જીલ્લા કોર્પોરેશનની ટીમમાં નિમણૂંક પામ્યાં છે. ઓકટોબરની ૬ થી ૧૦ દરમ્યાન આ મુલ્યાંકન કરવામાં આવ્યું. આ ટીમમાં મેડીકલ કોલેજના તજજ્ઞો, આરોગ્ય વિભાગના કાર્યકરો અને "સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્ચ સેન્ટર" (SHSRC)ના તજજ્ઞો પણ જોડાયા હતા.
- ગુજરાત સરકારના "સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્ચ સેન્ટર" (SHSRC) દ્વારા આયોજીત માતૃ મરણ, બાળ મરણ અને એનીમીયા ધરાવતી Consultation મિટિંગમાં તા.૧૪/૧૦/૨૫ ના રોજ ડો. ધીરેનભાઈએ ભાગ લીધો હતો અને તેમના અનુભવોના આધારે સુચનો આપ્યા હતા.

  તા.૧૫/૧૦/૨૫ ના રોજ યુનિસેફ દ્વારા આયોજીત વર્કશોપ કે જેમાં ખોડખાંપણ વાળા બાળકોને જલ્દીથી કેવી રીતે ઓળખવા અને તેને સમાજમાં સભાન રીતે જીવવા માટે શું કરી શકાય ? તેમાં ડો.ધીરેનભાઈ મોદીએ ભાગ લીધો હતો અને તેમના ફિલ્ડના અનુભવોના આધારે અગત્યના સુચનો કર્યા હતા.
- ડો. ધીરેનભાઈ મોદીની ભાઈકાકા યુનિવર્સિટી હેઠળ ચાલતો Board of Studies Public Health માં મેમ્બર તરીકે નિમણૂંક થઈ છે. જેમાં યુનિવર્સિટીમાં ચાલતો પ્રોજેકટ પર ટેકનીકલ ઈનપુટ આપવાના રહેશે. આ નિમણૂંક ત્રણ વર્ષ માટે થઈ છે.
- ત્રેષ્ના ફાઉન્ડેશન, અમદાવાદ ખાતે આવેલ એક સ્વૈચ્છિક સંસ્થા છે.તેઓ આરોગ્ય અને ખાસ કરીને બહેનોના આરોગ્ય પર વધારે કામ કરે છે. તે ટ્રસ્ટના કામમાં સહયોગ માટે ડો. ધીરેનભાઈ મોદીની ટેકનીકલ એડવાઈઝરી તરીકે નિમણૂંક થઈ છે.
- તા. ૨૩ ડિસે.૨૫ ના રોજ "સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિસોર્ચ સેન્ટર" (SHSRC) આરોગ્ય વિભાગ દ્વારા સ્ટેટ Training of trainees, (TOT) તાલીમકારો માટેની તાલીમનું આયોજન થયું. જેનો વિષય Community Engagement હતો. તેમાં સેવા રૂરલમાંથી ડો. ધીરેનભાઈ મોદી તજજ્ઞ તરીકે તાલીમકાર તરીકે જોડાઈને આવેલ તાલીમાર્થીઓને તાલીમ આપી હતી.
- તા.૨૬ અને ૨૭ ડિસે.૨૫ ના રોજ ડો. ધીરેનભાઈ ધરમપુર, કપરાડા ખાતે જશોદા ટ્રસ્ટની ટેકનીકલ મુલાકાત માટે ગયા હતા. ખાસ કરીને અતિગંભીર બ્લડ પ્રેશરના દર્દીઓનો રિવ્યુ કર્યો અને તે અંગે માર્ગદર્શન આપ્યું. આ ઉપરાંત ૨૦૨૬થી નવા PHC (પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર)માં થનાર કામગીરી અંગે વાત કરી.

## કિશોર કિશોરી જાગૃતિ કાર્યક્રમ :

- **આરોગ્ય સેશન :** ઓકટોબર થી ડિસેમ્બર માસ દરમ્યાન એડોલેસન્ટ કાર્યક્રમ અંતર્ગત ૩૫ શાળા, આશ્રમોમાં ધોરણ ૭ થી ૧૨ ના ૪૨૪૨ એડોલેસન્ટને તેઓને ઉપયોગી વિવિધ વિષયો પર ધોરણ પ્રમાણે આરોગ્ય શિક્ષણ કર્યુ.
- **એનીમિયા કેમ્પ :** આરોગ્ય તપાસ દરમ્યાન ઓળખાયેલ ૫૦ એડોલેસન્ટ જે ગંભીર એનીમિયા અને સીકલસેલ એનીમિયાનું જોખમ ધરાવતા હતા તેઓ માટે તા. ૧૩ નવેમ્બર ૨૦૨૫ ના રોજ કેમ્પ કર્યો. જેમાં ૩૨ જોખમી એડોલેસન્ટ આવ્યા અને હોસ્પિટલ સારવારનો વિનામુલ્યે લાભ લીધો.
- **સ્કુલડ્રોપ આઉટ શિબિર :** ૨૮ ઓકટોમ્બર ૨૦૨૫ ના રોજ ગ્રામ્યકક્ષાના એડોલેસન્ટ સાથે સ્કુલ ડ્રોપઆઉટ શિબિરમાં ૬૦ કિશોર કિશોરીઓ સાથે જોખમી વર્તણુંક, જીવનનો ધ્યેય કેવી રીતે હાંસલ કરી શકાય તે વિશે ચર્ચા કરી.
- **નવદંપતી મેળો :** ૩૦ ઓકટોમ્બર ૨૦૨૫ ના રોજ ગ્રામ્યકક્ષાના એડોલેસન્ટ સાથે "નવદંપતી મેળો" કર્યો. જેમાં આવેલ નવદંપતીઓને સુખી દાંપત્ય જીવનની ચાવી, કુટુંબકલ્યાણ, પ્રજનતંત્ર વિષય પર કોકિલાબેન અને એડોલેસન્ટ સુપરવાઈઝરે વાત કરી.
- **કારકિર્દી માર્ગદર્શન શાળા સેશન :** ૧૧ ઓકટોમ્બર ૨૦૨૫ ના રોજ 'દિવાન ધનજીશા હાઈસ્કુલ – ઝઘડીયા' માધ્યમિક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના ૬૦૦ થી વધુ વિદ્યાર્થીઓને કારકીર્દી માર્ગદર્શન અને નિર્ણય પ્રક્રિયા અંગે સેમીનારમાં રાજેન્દ્રભાઈ અને ગાયત્રીબેને વાત કરી. શાળાના શિક્ષકશ્રી અને બી.આર.સી ભવન – ઝઘડીયાના પ્રતિનિધિ સાથે રહી આ કાર્યક્રમ આયોજીત થયો.
- **લાઈફ કલાસ તાલીમ :** ૪,૫ નવેમ્બર ૨૦૨૫ બે દિવસ કે.આર.શ્રોફ ફાઉન્ડેશનના સહકારથી જીવન ઘડતરનું શિક્ષણ શાળામાં આપવા સંદર્ભે "લાઈફ કલાસ"ની તાલીમ ૧૦ એડોલેસન્ટ કાર્યકર ભાઈઓ બહેનો લીધી.
- **તરૂણ મેળો – સુરત :** તારીખ ૧૮,૧૯ નવેમ્બર ૨૦૨૫ બે દિવસ એડોલેસન્ટ સ્ટાફ પીયર એજયુકેટર મળી ૧૯ વ્યકિતઓ ડો.અમીબેનના નિરામય પ્રોજેકટ દ્વારા આયોજીત "તરૂણ મેળામાં" જોડાઈ કુટુંબ કલ્યાણ સ્ટોલમાં ૯૦૦ થી વધુ વિદ્યાર્થીઓને સમજ આપી. સ્ટેજ કાર્યક્રમમાં એડોલેસન્ટની જાણકારી આપતો સનેડો રજુ કર્યો.
- **પીયર એજયુકેટર મિટિંગ :** ૬ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ એડોલેસન્ટ કાર્યક્રમ અંતર્ગત ૧૧૦ પીયર એજયુકટેર સાથે સુરતથી આવેલ એડોલેસન્ટ હેલ્થ એકેડેમીમાંથી નિષ્ણાંત ડો. સ્વાતિબેન વીનચુરકર અને ભાવનાબેને "માનસિક સ્વાસ્થ્ય" વિશે, તણાવ શું છે? તેને કેવી રીતે ઓળખવો? તેને કેવી રીતે હેન્ડલ કરી શકાય તે બાળકોને સમજાય તેવી ભાષામાં વાત કરી. ત્યારબાદ સુપરવાઈઝરે "મારી સાચી ઓળખ" પર જીવન ઘડતર વિષય પર એકટીવીટી કરાવી.

- **ઝોલા લાયબ્રેરી પ્રવૃતિ :** ૧૨ અને ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ જે.એન.પીટ્રીટ – અંકલેશ્વરની લાયબ્રેરીના સહકારથી કુલ પાંચ સ્થળે ઝોલા લાયબ્રેરીનું ઉદ્દ્ઘાટન દક્ષાબહેને કર્યુ. (કરાડ આશ્રમ, ઝઘડીયા કુમાર આશ્રમ, રાજપરા કુમાર, કન્યા આશ્રમ, ટયુટોરીયલ કલાસ – સેવા રૂરલ, ઝઘડિયા). દરેક સ્થળે ૨૦૦ થી વધુ પુસ્તકો આપ્યા. વિદ્યાર્થીઓ બુક વાંચી તેમાંથી એક લખાણ તૈયાર કરે અને જે સારું લખશે તેને ઈનામ મળશે તેમ કહી વાંચન માટે પ્રોત્સાહિત કર્યા. ૫૨૪ વિદ્યાર્થીઓએ આ પ્રવૃત્તિનો લાભ લીધો.

## તાલીમ કેન્દ્ર સમાચાર :

### અન્ય સંસ્થા તાલીમ :

- **ઉત્થાન – વાલીયા કિશોરી તાલીમ :** ૮ થી ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન ઉત્થાન વાલીયાથી વોશ પ્રોજેકટ અંતર્ગત કિશોરી તાલીમમાં ૭૩ કિશોરી, ૩ શિક્ષક બહેનો, ૪ સુપરવાઈઝર મળી ૮૦ વ્યકિતઓએ કિશોરાવસ્થાના ફેરફાર, પ્રજનનતંત્ર અને માસિક ગર્ભધારણ વિશે તાલીમ આપી.
- **અતુલ ફાઉન્ડેશન તાલીમ :** ૧૧ થી ૧૩ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન અતુલ ફાઉન્ડેશન માંથી સુપરવાઈઝર કક્ષાના ૨૦ કાર્યકર ભાઈઓ બહેનોને સંસ્થાના "પ્રથમ ૧૦૦૦ દિવસ પ્રોજેકટ" અંતર્ગત માતૃબાળ સંભાળ વિષય પર સગર્ભા,ધાત્રી, ચાઈલ્ડ માઈલ્ડ સ્ટોન વિશે ડો. શોભાબેન, ડો. ધીરેનભાઈ, ડો.દીપેનભાઈ, તાલીમ ટીમ દ્વારા તાલીમ આપી.

### ઈનહાઉસ તાલીમ :

- **કાઉન્સેલિંગ વર્કશોપ ભાગ ૧–૨ :** ૨૬ નવેમ્બર અને ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સેવા રૂરલમાં કાઉન્સેલિંગ કામ સાથે જોડાયેલ ૨૧ કાર્યકરભાઈઓ બહેનો સાથે આયોજીત કાઉન્સેલિંગ વર્કશોપમાં કાઉન્સેલિંગ એટલે શુ, તેની પ્રક્રિયા, કાઉન્સેલર કેવો હોવો જોઈએ, કાઉન્સેલિંગમાં લિસનીંગનું મહત્વ વિષય પર રોલપ્લે, ચર્ચાથી સમજણ અપાઈ. આ ઉપરાંત સમુદાયમાં કાઉન્સેલિંગના અગત્યના પાસાંઓ સમજી લોકોની ટેવો સુધારી વર્તનમાં પરિવતર્નન કેવી રીતે લાવી શકાય તે વિષય પર શૈક્ષણિક વિડિયો, ચર્ચાથી સમજણ આપવામાં આવી.
- **માનસિક સ્વાસ્થ્ય વર્કશોપ :** ૬ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ જુદી જુદી ત્રણ કેડર સાથે સુરતથી આવેલ નિષણાંત બહેનોએ માનસિક સ્વાસ્થ્ય વિશે વર્કશોપ કર્યો. જેમાં વિજીટીકેના વિદ્યાર્થીઓ, આશ્રમ–શાળાના વિદ્યાર્થીઓ પીયર એજયુકેટર, સીવણ – બ્યુટીપાર્લરના તાલીમાર્થી, નર્સીગ આસીસ્ટન્ટ તાલીમાર્થી બહેનો મળી ૩૫૦ થી વધુ લાભાર્થી જોડાયા. વર્કશોપમાં માનસિક સ્વાસ્થ્ય કોને કહેવાય? તણાવ શુ છે? તેને કેવી રીતે હેન્ડલ કરી શકાય તે વિશે વિવિધ એકિટવીટી અને ચર્ચાથી સમજ આપવામાં આવી.

### વિઝિટર્સ :

- ૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ રાણીપુરા સરકારી વિનિયન કોલેજનાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતાં ૧૫ વિદ્યાર્થી અને ફેકલ્ટી સેવા રૂરલની ગુમાનદેવ ખાતે ચાલતી

પ્રવૃતિની માહિતી મેળવવા આવ્યાં.

- ૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ "સરદાર પટેલ યુનિવર્સિટી – વિદ્યાનગર" ના સમાજકાર્ય વિભાગના બીજા વર્ષમાં અભ્યાસ કરતાં ૧૫ વિદ્યાથીઓ સંસ્થાની મુલાકાતે આવ્યા.

## શાંતિનગરી – ઝઘડિયા
## કિશોરી અવેરનેસ કાર્યક્રમ :

- ઝઘડીયામાંથી આવેલ માગણીના આધારે ૧૩ અને ૨૯ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ઝઘડિયા શાંતિનગરી વિસ્તારની અભ્યાસ છોડેલ અને અભ્યાસ કરતી કિશોરીઓ સાથે એક બેઠક કરવામાં આવી. બેઠકમાં કિશોરીઓએ જણાવ્યું કે તેઓને માસિક વિશે, પર્યાવરણ વિશે, છોકરીઓના રક્ષણ વિશે, અભ્યાસ છોડવાના ગેરફાયદા વિશે દર માસે એક વાર મળી નવું નવું શીખવું છે. જેના ભાગરૂપે બે વાર બેઠક કરી અને કિશોરીઓને અનુરૂપ વિષયોની જાણકારી આપી. ૩૦ જેટલી કિશોરીઓ સહભાગી બની.

## અન્ય તાલીમાર્થી સાથે આરોગ્ય શિક્ષણ :

- ઓકટોમ્બર માસમાં સીવણ અને બ્યુટીપાર્લરના તાલીમાર્થી ૫૧ જેટલા બહેનો સાથે એનીમીયા, પોષક આહાર, પ્રજનનતંત્ર, માસિક ગર્ભધારણ, માસિક દરમ્યાનની સ્વચ્છતા વિષય પર આરોગ્ય શિક્ષણ કર્યું.

## સ્વરક્ષણ તાલીમ કેન્દ્ર :

- **સ્વરક્ષણ તાલીમ :** ૨૭ થી ૨૯ ઓકટોમ્બર ૨૦૨૫ દરમ્યાન  સીવણ અને બ્યુટીપાર્લરની ૨૧ તાલીમાર્થી બહેનોને સ્વરક્ષણ તાલીમ આપી.

- **સ્વરક્ષણ ફોલોઅપ તાલીમ :** ૨૮ નવેમ્બર ૨૦૨૫ ના રોજ ચાલુ વર્ષમાં ૩ દિવસીય સ્વરક્ષણ તાલીમ પૂર્ણ કરેલ સીવણ, બ્યુટીપાર્લર અને નર્સીંગ તાલીમાર્થી બહેનોની એક દિવસીય ફોલોઅપ તાલીમ કરી. જેમાં ૩૪ બહેનો જોડાઈ. બહેનોએ તાલીમ બાદ પોતાના શું ફેર લાગે છે અને આવી તાલીમ કેવી રીતે ઉપયોગી બની તે અનુભવ રજુ કર્યા. નિર્ણય લેવાની પ્રક્રિયાની સમજ આપી. આ ઉપરાંત ફિઝિકલ પ્રેકટીસ પણ કરાવી.

- **સ્વરક્ષણ સેશન :** ૪ ઓકટોમ્બર ૨૦૨૫ ના રોજ હરિપરા ઉચ્છબ ગામમાં સીવણ અને બ્યુટીપાર્લરની ૩૮ તાલીમાર્થી બહેનોને તથા ૮ ઓકટોમ્બર ૨૦૨૫ ના રોજ એન્ડવાન્સ પ્રેકટીકલની તાલીમ લઈ રહેલ ૯ નર્સ બહેનોને સાથે જાતીય સતામણી અને બચાવ અંગેની જાણકારી આપી.

## સ્ટુડન્ટ પ્લેસમેન્ટ :

- સરકારી કોલેજ રાણીપરાના ત્રણ વિદ્યાર્થીઓએ સંસ્થાકીય ઈન્ટર્નશીપ દરમિયાન ૨ થી ૧૭ ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન સંસ્થાની પ્રવૃત્તિઓની ફીલ્ડ વિઝિટ અને હોસ્પિટલ પ્રવૃત્તિ જોઈ.

- અઝીમ પ્રેમજી યુનિવર્સિટી – ભોપાલના માસ્ટર ઈન પબ્લીક હેલ્થનો અભ્યાસ કરતા બે વિદ્યાર્થીઓ તારીખ ૨૭ ઓકટોમ્બર થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ ( ૪ માસ )ફીલ્ડ કામગીરીનો અનુભવ માટે આવેલ છે.

ઉપરાંત બીજા બે વિદ્યાર્થીઓ ૧ માસના ફીલ્ડ પોસ્ટીગનો અનુભવ લઈ ગયા.

### કાર્યકરોનો સ્વવિકાસ :

- તારીખ ૧૩ થી ૧૭ ઓકટોમ્બર ૨૦૨૫ દરમ્યાન "ટ્રેનીંગ ઓફ નેશનલ રીસોર્સગ્રુપ ફોર પીયર એજયુકેશન પ્રોગ્રામ"ના તાલીમ કાર્યક્રમમા 'દિલ્હીમાં ગાયત્રીબેન પટેલ સહભાગી તરીકે જોડાયા.
- **સ્વવિકાસગ્રુપ સેશન :** તારીખ ૨૮ નવેમ્બર ૨૦૨૫ ના રોજ સ્વવિકાસ ગ્રુપ સાથે ડો. ધીરેનભાઈએ " ડીટેચમેન્ટ " વિષય પર એક સેશન કર્યુ. ૧૭ જેટલા સ્વવિકાસ ગ્રુપના સભ્યો સહભાગી બન્યા.

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર :

- તા.૧૦/૧૦/૨૦૨૫ ના રોજ વિજીટીકેના દરેક ટ્રેડના તાલીમાર્થીઓનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું.
- **વ્યસન મુકિત :** તા.૧૧/૧૦/૨૦૨૫ના રોજ વિજીટીકેના તાલીમાર્થીઓ દ્વારા ભરૂચમાં આવેલ સ્વામીનારાયણ (BAPS) મંદિરની મુલાકાત લેવામાં આવી. જેમાં ઘનશ્યામ જીવન સ્વામીએ તાલીમાર્થીઓને મોટીવેશનલ લેકચર આપ્યું. જેમાં તેમણે તાલીમાર્થીઓને વ્યસનથી દૂર રહેવાની વાત કરી. વ્યસનથી થતા લાંબાગાળાના ગેરફાયદા અને ચારિત્ર્યવાન સમાજનું નિર્માણ કરવાની વાત કરી.
- **સ્વરોજગાર તાલીમ :** તા.૧૨/૧૦/૨૦૨૫ ના રોજ શ્રી મયંકભાઈ મહેતા (અમદાવાદ) એ વિજીટીકેના તાલીમાર્થીઓ સાથે "સ્વરોજગાર" વિષય પર વાત કરી. જેમાં તેમણે સ્વરોજગારમાં કયા કયા સ્વરોજગાર કરવા, કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું અને સ્વરોજગાર કરવાના લાંબાગાળાના ફાયદા વિશે તાલીમાર્થીઓને માહિતી આપી.
- **તા.૧૫ અને ૧૬ ઓકટો.૨૦૨૫ ના રોજ ઓએસીસ જીવન શિબિર :** વિજીટીકેના સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓ સાથે આ શિબિર લેવામાં આવી. જેમાં તાલીમાર્થીઓને આત્મ–વિશ્વાસથી પોતાની વાત કઈ રીતે રજુ કરવી, જીવનમાં સાચી પ્રસંદગી કેવી રીતે કરવી, સાંભળવાની કળા વિશે, કલ્પના શકિતનો જીવનમાં ઉપયોગ વગેરે વિશે તાલીમાર્થીઓને વિવિધ ઉદાહરણો અને રમતો દ્વારા વિવિધ માહિતી પૂરી પાડવામાં આવી.
- **વાલી મિટિંગ :** તા.૧૪/૧૧/૨૦૨૫ ના રોજ વિજીટીકે બેચ નં.૪૧ ના ચાલુ બેચના તાલીમાર્થીઓની વાલી મિટિંગ–૨ કરવામાં આવી. જેમાં ૮૩ વાલીઓ હાજર રહેલા. જેમાં હોસ્ટેલના નિતીનિયમો, ફી ઘટાડવા બાબતે, તાલીમાર્થીઓની ગેરહાજરી બાબતે અને વિજીટીકેમાં ચાલી રહેલી વિવિધ પ્રવૃતિઓ વિશે વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા.
- **શૈશવ શિબિર :** તા.૧૫/૧૧/૨૦૨૫ ના રોજ સ્વવિકાસ (શૈશવ) શિબિર – વિજીટીકેના સ્ટાફ દ્વારા તાલીમાર્થીઓ સાથે સ્વવિકાસ શિબિર લેવામાં આવી. જેમાં ટીમવર્કમાં કઈ રીતે કામ કરવું તે વિવિધ રમતો દ્વારા તાલીમાર્થીઓને માહિતી આપવામાં આવી.

તા.૨૭/૧૧/૨૦૨૫ ના રોજ શ્રી આશિષભાઈ ભટ્ટી (અમદાવાદ) દ્વારા વિજીટીકેના સ્ટાફ સાથે મોટીવેશનલ લેકચર લેવામાં આવ્યું. જેમાં તેમને ટીમવર્કમાં કેવી રીતે કામ કરવું, મોબાઈલના ફાયદા અને ગેરફાયદા અને કોમ્યુનિકેશન્સ (વાતચીત કરવાની કળા) સ્કીલ વિશે વિસ્તારપૂર્વક માહિતી આપી.

- તા.૨૯/૧૧/૨૦૨૫ ના રોજ વિજીટીકેના તાલીમાર્થીઓની ત્રિ–માસિક પરીક્ષા લેવામાં આવી.
- **તાલીમ :** તા.૧૫ ડિસે. થી તા.૨૪ ડિસે. ૨૫ ના રોજ શ્રી કે.જે.પોલીટેકનીક (ભરૂચ) ડિપ્લોમાના ૩૦ વિદ્યાર્થીઓને વિજીટીકેમાં ડિસ્ટ્રીબ્યુટેડ કંટ્રોલ સિસ્ટમ (DCS) અને ચારિત્ર્ય ઘડતર માટેની ૭ દિવસની તાલીમ આપવામાં આવી.
- તા.૨૪/૧૨/૨૫ ના રોજ શ્રી કે.જે. પોલીટેકનીક (ભરૂચ) ડિપ્લોમાના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ અને સર્ટિફિકેટ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમાં કે.જે.પોલીટેકનીકના શ્રી કમલેશભાઈ, ડી.સી.એમ. શ્રીરામમાંથી સંદિપભાઈ, રજનીકાંતભાઈ અને વિજીટીકેનો સ્ટાફ જોડાયો હતો.**વાલી મિટિંગ**
- : તા.૨૯/૧૨/૨૫ ના રોજ વિજીટીકે બેચ નં. ૪૧ના તાલીમાર્થીઓની વાલી મિટિંગ – ૩ ડેડીયાપાડાના જાનકી આશ્રમ ખાતે રાખવામાં આવી. જેમાં ૩૧ વાલીઓ, ૪૭ ચાલુ બેચના તાલીમાર્થીઓ અને સ્વરોજગાર કરતા ૧૦ તાલીમાર્થીઓ હાજર રહેલા. જેમાં વિજીટીકેમાં ચાલતી વિવિધ પ્રવૃતિઓ, તાલીમાર્થીઓની ગેરશિસ્ત, સ્વરોજગાર કરતા તાલીમાર્થીઓને મળતી સંસ્થા તરફથી સહાય અને ત્રણ મહિનાની ટ્રેનીંગ બાબતે વાલીઓને માહિતગાર કરવામાં આવ્યા.
- વિજીટીકે તાલીમાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝ વિઝિટ વખતો વખત કરાવવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ ઈન્ડસ્ટ્રીઝના વાતાવરણથી ટેવાય છે. નવી મશીનરી જોવા મળે છે અને ઘણું શિખવાનું મળે છે.

## સેવા રૂરલના કાર્યકર માટે :

- **દિવાળી સ્નેહમિલન :** દર વર્ષની જેમ આ વર્ષે પણ તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ સંસ્થામાં દિવાળી સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાર્યકરો અને પરિવારના સભ્યો ઉત્સાહથી જોડાયા હતા. કાર્યક્રમમાં કાર્યકર–પરિવારના સભ્યો દ્વારા ગીત, ભજન, જોક્સ જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો.કપિલભાઈ અને લીનાબહેન દવેએ કર્યું હતું.
- **મોટો પ્રવાસ :** કાર્યકરો બહારની દુનિયાથી અવગત થાય, નવા નવા જોવા લાયક, ફરવા લાયક સ્થળો જુએ, તેના વિશે માહિતી મેળવે સાથો સાથે આધ્યાત્મિક જ્ઞાન પણ મેળવે તે હેતુથી અલગ અલગ ૩ બેચમાં પુષ્કર,

અજમેર, શ્રીનાથ, ગોકુળ, મથુરા, વૃંદાવન, હરીદ્વાર, ઋષિકેશ અને મસુરીના સાત દિવસના મોટા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ બેચ મળી કુલ ૬૭ કાર્યકરો અને ૭૭ જેટલા પરિવારના સભ્યોએ સહપરિવાર પ્રવાસનો આનંદ માણ્યો હતો.

- **સેકન્ડ ઈનીંગ શિબિર :** તા.૩ થી ૮ નવે.૨૫ ના રોજ સંસ્થામાંથી **રીટાયર્ડ થયેલા કાર્યકરો** તથા સંસ્થામાં કામ કરતા કાર્યકરના ૫૫ વર્ષથી વધુ ઉંમરના માતા પિતા માટે રીટાયર્ડમેન્ટ પછીની જીંદગી વધુ ઉત્સાહિત અને આનંદદાયક , રસપ્રદ, પ્રવૃતિમય અને સ્વસ્થ બને તે હેતુથી ''સેકન્ડ ઈનીંગ શિબિર''નું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિર દરમ્યાન રમત, કસરત, મનોરંજન, નાનો પ્રવાસ જેવી વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવી હતી. અને બાકીનું નિવૃત જીવન આનંદદાયક, રસપ્રદ અને સ્વસ્થ રહે તે માટે નાના સૂચનો પ્રતિજ્ઞાપત્ર રૂપે પ્રિન્ટ કરીને દરેક સહભાગીઓને આપવામાં આવ્યા હતા.

- **રેવા મેરેથોન – ૩.૦ (અંકલેશ્વર) :** કાર્યકર અને પરિવારના સભ્યોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને તંદુરસ્ત રહે તે માટે સંસ્થા હંમેશા કાર્યરત છે. આ વર્ષે ૦૭/૧૨/૨૦૨૫ના રોજ અંકલેશ્વર ખાતે આયોજિત રેવા મેરેથોન–૩.૦ માં કાર્યકર, પરિવારના સભ્યો મળી કુલ ૫૭ જેટલા સભ્યોએ ૩,૫ અને ૧૦ કિમી. મેરેથોનમાં ભાગ લીધો હતો. તે માટે રજીસ્ટ્રેશન ફી ના ૫૦% સંસ્થા તરફથી યોગદાન આપવામાં આવ્યું હતું.

- **પરિવાર મિલન :** સેવા રૂરલના કાર્યકરોના પરિવાર સાથે દર વર્ષે '**પરિવાર મિલન**'નો કાર્યક્રમ યોજવામાં આવે છે. **તા.૨૦મી ડિસે.૨૫ ના રોજ ગુમાનદેવ** કેમ્પસમાં પરિવાર મિલન ડો. દિલીપભાઈ દેસાઈ (સેવા રૂરલના સ્થાપક ટ્રસ્ટી) ના પ્રમુખસ્થાને યોજાયું. આ પ્રસંગે, વર્ષ દરમ્યાન શ્રેષ્ઠ કામગીરી કરેલા વિવિધ વિભાગોના નવ કાર્યકરોનું સન્માન કરવામાં આવ્યું. સાથે સાથે સેવા રૂરલને આજીવન સર્મપિત અને સંસ્થામાં વિશિષ્ટ પ્રદાન કરનાર શ્રી મયંકભાઈ પંડયા અને શ્રી વિક્રમસિંહ વાંસદીયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું. રાત્રે ગુજરાતના પ્રસિધ્ધ લોક ગાયક અભેસિંહ રાઠોડના લોક ડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતી સાહિત્યના પ્રસિધ્ધ લોકગીત, ભજન, ગરબા અને સાથે હાસ્ય કલાકાર દ્વારા પીરસવામાં આવેલ હાસ્યરસથી સૌ તરબોળ થયા.

**સેવા રૂરલનો ૪૫ મો વાર્ષિકોત્સવ તા.૨૧ મી ડિસે. ૨૫ ના રોજ પૂ. સ્વામી નિખિલેશ્વરાનંદજી (અધ્યક્ષ, રામકૃષ્ણ મિશન, રાજકોટ) ના સાંનિધ્યમાં ઉજવાઈ ગયો.** આ પ્રસંગે ૪૫ વર્ષની સેવાયાત્રાની ઝાંખી અને ભવિષ્યના આયોજનની રજુઆત કરવામાં આવી. આ કાર્યક્રમમાં પ્રાસંગિક ઉદ્‌બોધન ડો. અમરજીતસિંગ (IAS, રીટાર્યડ, ગુ.સરકાર), જયદેવભાઈ દેસાઈ (નિવૃત આચાર્ય, કોસંબા) અને ડો. અંકુરભાઈ વોરા (બીલગેટ્સ ફાઉન્ડેશન, ભારત)એ કર્યા હતા. આ પ્રસંગે સેવા રૂરલના શુભેચ્છકો, ઈન્ડસ્ટ્રીઝના મિત્રો, દાતાઓ

અને સંસ્થાના કાર્યકરો, પરિવારના સભ્યો મોટી સંખ્યામાં આવ્યા હતા. પૂ. નિખિલેશ્રાનંદજીએ, સેવા રૂરલની સેવાઓ પાછળ રામકૃષ્ણ – વિવેકાનંદ વિચારધારાની પ્રેરણા રહી છે એ જણાવીને આ સેવાયાત્રા વધુને વધુ વિકાસ પામે તેવા આર્શીવચન આપ્યા.

સેવા રૂરલની પરંપરા પ્રમાણે બીજી હરોળ તૈયાર કરવાના ભાગરૂપે મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી હાલમાં ડો. પંકજભાઈ શાહ અને બંકિમભાઈ શેઠ છેલ્લા ૧૫ વર્ષથી સંભાળી રહયા છે. શ્રી બંકિમભાઈ શેઠ હવે મેનેજીંગ ટ્રસ્ટી તરીકેના હોદ્દામાંથી નિવૃતિ લઈ રહયા છે અને તેમની જગ્યાએ ટ્રસ્ટી ડો. શ્રેયભાઈ દેસાઈ નવા મેનેજીંગ ટ્રસ્ટી તરીકેની જવાબદારી સંભાળવાના છે તેની જાહેરાત સહર્ષ રજુ કરવામાં આવી. ડો પંકજભાઈ શાહ હમણાં મેનેજીંગ ટ્રસ્ટી તરીકે ચાલુ રહેશે.

અમારા દૂરના અને સંજોગોવશાત્ ન આવી શકનાર શુભેચ્છકો પણ આ કાર્યક્રમ જોઈ શકે માટે ઓનલાઈન યુ ટયુબ પર પ્રસારણ કરવાની સુવિધા ઉભી કરાઈ હતી અને લગભગ ૨૫૦ જેટલા શુભેચ્છકોએ એનો લાભ લીધો.

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### મહિલા જાગૃતિ કાર્યક્રમ :

- ઓકટોબર મહિનામાં 'આનંદ' વિષય પર શિબિર રાખવામાં આવી. જેમાં હાજર શ્રોતાગણમાંથી પાંચ ગૃપ પાડી 'આનંદ' એટલે શું? તમને શું કરવાથી આનંદ મળે છે. આ બે પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી જેમાં... ચિંતા વગર ખુશ રહેવુ, બીજાને મદદ કરવી, ફરવા જવું, (ગરબા) ડાન્સ કરવા, સંગીત સાંભળવું, પરિવાર સાથે, નાના બાળકો સાથે સમય વિતાવવો, નવા કપડા પહેરવા, ધાર્મિક સ્થળો એ ફરવા જવું, ભજન ગાવા, નવું શીખતા રહેવું વિ...જવાબો આવ્યા. ગૃપ ચર્ચા પછી નેહાબેન પરીખે (ડુંગળી અને એના પડ) અને જાગૃતિબેને (ગુરુ શિષ્ય)ની વાર્તા પરથી સારી વાતો યાદ રાખી ખોટી–નકામી વાતો મનમાંથી કાઢી હકારાત્મક વલણ સાથે આનંદમાં રહેવાની વાત કરી.
- નવેમ્બર માસમાં 'આપણાં આનંદમા હેકર્સ' (આનંદના માર્ગમાં પડતી મુશ્કેલીઓ) વિષય પર ચર્ચા કરી જેમાં સમાજના કુરીવાજો, ગુસ્સો, ઈર્ષા, મનગમતું કામ ન થાય, પૈસાની અછત, તંદુરસ્તી તબિયત વિ.. ઘણા કારણો આવ્યા. આ દરેક કારણોની કોકીલાબેન, સુધાબેન, પરવિન્દાબેન તેમજ ડો. અમીબેને વાત કરી. ડો.અમીબેને આનંદ વધારતાં અને ઘટાડતા શબ્દોની રમત રમાડી.
- તા. ૨૨ ડિસેમ્બરે શારદામાની જન્મ દિવસની ઉજવણી કરી. રામકૃષ્ણ જયોતમાંથી 'વિનોદિની મા શારદા' વિશે વાંચન કરી, આધ્યાત્મિકતાની ઉંચાઈએ પહોંચેલ વ્યકિત સામાન્ય રીતે ધીર–ગંભીર હોય છે. મા શારદા પણ ધીર– ગંભીર, શાંત, સ્વભાવના તો હતાં છતાં વિનોદપ્રિય પણ હતાં. તેમનાં જીવનનાં શ્રી રામકૃષ્ણદેવ, શિષ્યો, સીસ્ટર નિવેદિતા સાથેના રમુજ પ્રસંગોની વાત જાગૃતિબેને કરી. ત્યાર બાદ આ વખતે

કાર્યક્રમમાં હાજર રહેલાં શ્રોતાગણ સાથે પ્રશ્નોત્તરી રૂપે માના પોસ્ટરની ચર્ચા કરી. લતાબેન પટેલ,ગાયત્રીબેન પટેલ, મયંકભાઈ તેમજ કુમુદબેને માનાં ભાવપૂર્ણ ભજનો ગાયાં. શોભાબહેને માના જીવનમાંથી પ્રેરણા લઈ આપણા જીવનને સાર્થક કરવાની વાત સમાપનમાં કરી. કાર્યક્રમનું સંચાલન ઝરીના બહેન શેખે કર્યું.

## ટ્યુટોરિયલ વિભાગ :

- તા.૧/૧૦/૨૦૨૫ને બુધવારના રોજ ટ્યુટોરિયલના બાળકો સાથે "ગાંધી જયંતિ"ની ઉજવણી નિમિત્તે બાપુ વિશે નિબંધ હરિફાઈનું આયોજન કર્યું. ઘણાં બાળકોએ ભાગ લીધો. જેમાં ૧ થી ૬ નંબરના બાળકોને ઈનામ આપ્યાં. ભાગ લેનાર તમામ બાળકોને પ્રોત્સાહિત ઈનામ આપ્યાં. ગાંધીબાપુ વિશે બોલવામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.
- તા.૧૩,૧૪,૧૫/૧૦/૨૦૨૫ના રોજ ટ્યુટોરિયલના બાળકોએ પોતાની રીતે અલગ અલગ દિવાળી કાર્ડ બનાવ્યા. બાળકોએ પોતાની રીતે બનાવેલ દિવાળી કાર્ડ દર વર્ષની જેમ સ્ટાફને આપ્યા.
- તા.૧૮/૧૦/૨૦૨૫ ના રોજ ટ્યુટોરિયલ બાળકોએ સુંદર રંગોળી બનાવી અને રંગોથી સુશોભિત કરી. અન્ય બાળકોના ગ્રુપ કરીને સેવા રૂરલના અલગ અલગ વિભાગમાં જે બાળકોએ કાર્ડ બનાવ્યા હતા તે આપવા માટે લઈ ગયા. બાળકોએ કાર્ડ સાથે શુભેચ્છાઓ આપી.
- તા.૨૦/૧૦/૨૦૨૫ ના રોજ ટ્યુટોરિયલ વિભાગમાં બાળકોને દિવાળીના પાંચ દિવસનુ મહત્વ સમજાવ્યું. બાળકોને ચોળાફળી, મઠીયાનો નાસ્તો કરાવ્યો. બાળકોને ચકરડી, કોઠી, તારામંડળ જેવા ફટાકડા આપી મેદાનમાં ફોડાવ્યા અને ઉજવણી કરી.
- તા.૧૪/૧૧/૨૦૨૫ને શુક્રવારના રોજ બાળદિન નિમિત્તે ચાચા નેહરુની સ્માર્ટ ટી.વી. પર નાની મૂવી બતાવી બાળકો સાથે ચર્ચા કરી.
- ટ્યુટોરિયલમાં ભણતરની સાથે ઘણી પ્રવૃતિઓ થાય છે. તેના ભાગરૂપે પહેલીવાર આ વખતે સાંસ્કૃતિક કાર્યક્રમનું તા.૬/૧૨/૨૦૨૫ના રોજ આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ સર્વધર્મ સમભાવની પ્રાર્થના, પર્યાવરણ બચાવો ડાન્સ, હેલ્થને લગતા સૂત્રો વિગેરે કર્યા.
- તા.૨૬/૧૨/૨૦૨૫ના રોજ નાતાલની ઉજવણી નિમિત્તે બાળકોને ઝઘડિયાની મિશન સ્કુલમાં લઈ જવાનું આયોજન કર્યું. ત્યાંનાં સિસ્ટરે બાળકોને ઈસુના જીવન વિશે વાત કરી.
- તા.૧૨/૧૨/૨૦૨૫ના રોજ અંકલેશ્વરની ઝોલા લાઈબ્રેરી તરફથી ટ્યુટોરિયલના બાળકોને ૧૦૦ અલગ અલગ પુસ્તકો ભેટમાં આપ્યા. પુસ્તકોનું આપણા જીવનમાં શું મહત્વ છે તેની સમજ આપી.
- તા.૧૮/૧૦/૨૦૨૫ અંધારકાછલા ગામોમાં બાળકોને દિવાળી વિશે માહિતી આપી. ત્યારબાદ બાળકોને ચોળાફળી, મઠીયાનો

નાસ્તો કરાવી ઉજવણી કરી.

## કલરવ :

- તા.૨૭/૧૦/૨૦૨૫ થી તા.૧/૧૧/૨૦૨૫ દરમ્યાન કલરવના બાળકો સાથે સાથે ટ્યુટોરિયલના બાળકોની શિબિરનું આયોજન કર્યુ. જેમાં કાર્ડને ગળામાં લગાળી ગ્રુપ કરી પરિચય રમત રમાડી, મોટીવેશનલ વિડિયો કલીપ બતાવી, સંગીત ખુરશી, લીંબુ ચમચી જેવી રમતો રમાડી, સર્જનાત્મક અને બટન ટાંકવાની પ્રવૃતિ કરાવી, ભરૂચ જઈ મોટીવેશનલ મૂવી બતાવી, ગણિતના કોયડા, પડદે કે પીછે, રમતો રમાડી. છેલ્લા દિવસે બાળકોને નવસારી (દાંડી) પ્રવાસ લઈ ગયા. આમ ખૂબ સરસ રીતે શિબિર કરી. જેમાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો.

## ગારમેન્ટ વિભાગ :

- તા. ૯/૧૧/૨૫ થી તા.૧૫/૧૧/૨૫ ગારમેન્ટ વિભાગ અને નાસ્તાની સહયોગી બહેનો અને સ્ટાફ કુલ ૫૦ બહેનોએ કલકત્તા પ્રવાસ ટ્રેનમાં કર્યો. બેલુરમઠમાં શ્રી રામકૃષ્ણ દેવ, મા શારદા અને સ્વામીજીના મંદિરમાં દર્શન કર્યાં. દક્ષિણેશ્વરમાં કાલી મંદિર, શારદામઠના દર્શન કર્યાં. શ્રી રામકૃષ્ણ
- પરમહંસના જન્મ સ્થળે કામારપુકર ગામમાં દરેક જગ્યાએ ગયા. શ્રી મા શારદાના જન્મ સ્થળે જયરામવાટી ગામમાં દરેક જગ્યાએ ગયા. કલકત્તામાં માયારવાડી, બડાબાજાર, વિકટોરીયા ગાર્ડન, હાવડા બ્રીજ, કાલી મંદિર (કાલીગેટ) વિ. સ્થળોએ ફર્યા. બધી બહેનોએ પ્રવાસનો આનંદ માણ્યો.

## નાસ્તા વિભાગ :

- શુભેચ્છકોનાં સૂચનોને ધ્યાનમાં લઈ ઘણા સમય પછી નાસ્તાનાં પેકિંગમાં સુધારો કર્યો જેનો પ્રતિસાદ સારો રહયો.
- દિવાળી તેમજ નાતાલ જેવા તહેવારોમાં નાસ્તાનો સારો ઓર્ડર મળ્યો.
- આમ આવા નાના મોટા પ્રયત્નોથી નાસ્તા વિભાગની કામગીરી વધે અને વધુ બહેનોને કામ મળે એવા પ્રયત્ન થઈ રહયા છે.



**શકિત જ જીવન છે,**
**નિર્બળતા એ મૃત્યુ છે.**
**શકિત આનંદરૂપ છે,**
**શાશ્વત અને અમર છે.**
**નિર્બળતા સતત બોજો**
**અને દુ:ખ છે, મૃત્યુ છે.**

**સ્વામી વિવેકાનંદ**

## તાલીમ વર્ગો
## સ્થાનિક તાલીમ કેન્દ્ર

### સીવણ તાલીમ :

- સેવા રૂરલના ૪૫મા વાર્ષિક ઉત્સવ તા. ૨૦/૧૨/૨૫ અને તા.૨૧/૧૨/૨૫માં સીવણ તાલીમ બહેનો દ્વારા સીવેલા કપડાનો સ્ટોલ કરવામાં આવ્યો. જેમાં બહેનોએ નવી નવી વસ્તુઓ બનાવી અને રૂા.૫૨૦૦ ની કમાણી કરી.
- બેચ નં ૪૯, ૫૦ ને હાઈસ્પીડ મશીનની તાલીમ આપી.

### બ્યુટીપાર્લર તાલીમ :

- તા.૧/૧૦/૨૦૨૫ થી બ્યુટીપાર્લરમાં શરૂ કરેલ નવા એડવાન્સ કોર્ષની પહેલી બેચની તાલીમ ૩૧મી ડિસેમ્બરે પૂરી થઈ. આ કોર્ષમાં ૧૨ બહેનોએ તાલીમ પૂરી કરી. આ કોર્ષમાં મુખ્યત્વે નેઈલ આર્ટ, ફીગર મહેંદી, ફુલ એચડી મેકઅપ વિગેરે શીખવવામાં આવે છે.
- નવેમ્બર માસમાં બ્યુટીપાર્લરની ૧૪ મી બેચ પૂરી થઈ. જેમાં કુલ ૧૭ બહેનોએ તાલીમ પૂરી કરી. તાલીમ પૂરી થયા બાદ આ બહેનોની પરીક્ષા લઈ સર્ટિફિકેટ તથા સ્ટાર્ટઅપ કીટ આપવામાં આવે છે.
- તા.૨૭ મી નવેમ્બરે બ્યુટીપાર્લરની ૧૫મી બેચ માટે ઈન્ટરવ્યુ રાખવામાં આવ્યા. ઈન્ટરવ્યુ વખતે ૨૬ બહેનો હાજર હતા. જેમાંથી ૨૦ બહેનોની પસંદગી કરી. આ નવી બેચની શરૂઆત ૧લી ડિસેમ્બરથી કરવામાં આવી.

### સ્થાનિક તાલીમ વર્ગો (જનરલ) :

- તા.૧૦ ડિસેમ્બરે સીવણમાં આઠ અને બ્યુટીપાર્લરમાં પાંચ બહેનોને સ્વરોજગાર શરૂ કરવા ગુજરાત કેમીકલ પોર્ટ લી. કંપનીમાંથી શ્રી કપિલભાઈના હસ્તે રૂા. ૨૫૦૦૦ની સાધન સામગ્રી આપવામામં આવી.
- ડિસેમ્બર માસમાં આશિષભાઈ ભટ્ટી દ્વારા સીવણ અને બ્યુટીપાર્લરના તાલીમાર્થી બહેનોને (સ્વરોજગાર) વિશે માહિતી આપવામાં આવી.

### ગ્રામ્ય સ્તરે તાલીમ વર્ગ :

- તા.૧૭ મી ઓકટોબરે ઝઘડિયા તાલુકાના ઉચ્છબ ગામમમાં સીવણની ૧૯ અને બ્યુટીપાર્લરની ૧૨ બહેનોએ તાલીમ પૂરી કરી. તાલીમ પૂરી કરેલ બહેનોને સીવણના મશીન, બ્યુટીપાર્લર સ્ટાર્ટઅપ કીટ અને સર્ટિફિકેટ આપવામાં આવ્યા.
- તા.૧૨મી ડિસેમ્બરે ઝઘડિયા તાલુકાના ઉટિયા ગામે તાલીમ વર્ગનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યુ. જેમાં સીવણમાં ૨૦ અને બ્યુટીપાર્લરમાં ૧૭ બહેનો તાલીમ લઈ રહયા છે.
- તા.૮મી નવેમ્બરે પીપલપાન ગામે વર્મી કંમ્પોઝ (અળસીયા ખાતર) બનાવવાનો એક પ્લાન્ટ શરૂ કર્યો.

## સત્સંગના સથવારે

રામકૃષ્ણ કથામૃતમાંથી સાભાર :
તા. ૨૪મી ઓકટોબર, શનિવાર ૧૮૮૫
કાર્તિક વદ એકમ.
સ્થળઃ શ્યામપુકુર

**ઠાકુર, નરેન્દ્ર, મહિમાચરણ માસ્ટર, ડોકટર સરકાર વિ... સાથે**
શ્રીરામકૃષ્ણ (નરેન્દ્રને) – અને પેલું,
'જો કુછ હૈ સો તું હી હૈ.' નરેન્દ્ર એ ગીત ગાય છે.

તુઝસે હમને દિલકો લગાયા, જો કુછ હૈ સો તું હી હૈ

દિલ કી મકા સબકી મકી તું, કૌનસા દિલ હૈ જિસમેં નહિં તું;
હર એક દિલમેં તું હી સમાયા, જો કુછ હૈ સો તું હી હૈ –

કયા મલેક, કયા ઈન્સાન, કયા હિન્દુ, કયા મુસલમાન;
જૈસા ચાહા તુને બનાયા, જો કુછ હૈ સો તું હી હૈ –

કાબામેં કયા ઔર દેવલમેં કયા, તેરે પરસ્ત હૈ ભી સબ જહાં;
તેરે આગે સિર સબોંને ઝુકાયા, જો કુછ હૈ સો તું હી હૈ –

અર્સસે લેકર ફર્સ જમી તક, ઔર જમીનસે અર્સ બરી તક,
જહાં મૈં દેખા તું હિ નજરમેં આયા, જો કુછ હય સો તું હી હૈ –

સોચા સમઝા દેખા ભાલા, તું જૈસા ન કોઈ ઢુંઢ નિકાલા,
અબ યહ સમઝમેં ઝફરકી આયા, જો કુછ હૈ સો તું હી હૈ –

– બહાદુરશાહ ઝફર
(છેલ્લાં મોગલ સમ્રાટ)

## ભૂલ સ્વીકાર !

હોસ્પિટલમાંથી મેડીકલ ઈસ્ટ્રુમેન્ટ – સીરીઝપંપ બે નંગ રીપેરીંગ માટે વડોદરા કંપનીમાં મોકલાવેલ. થોડા દિવસ પછી ફોલોઅપ લેવામાં આવ્યું કે રીપેરીંગ માટે જે મશીન મોકલ્યા છે તે હજી સુધી પરત આવ્યા નથી. તો કયારે આવશે ? તો કંપનીમાંથી જવાબ મળ્યો કે તે મશીન તો રીપેરીંગ કરીને કુરીયરમાં ઝઘડિયા હોસ્પિટલમાં મોકલી દીધા છે. પછી મેન્ટેનન્સ ટીમે આ સાધનોની તપાસ શરૂ કરી કે કયા ગયા ? ત્યારબાદ સેવા રૂરલમાં જયાં જયાં પાર્સલ આવે છે ત્યાં ત્યાં તપાસ કરી. (જેમકે ઓફિસમા, સ્ટોરમાં, લેબોરેટરીમાં, મેન્ટેનન્સમાં વગેરે જગ્યાએ તપાસ કરી) અને પૂછપરછ કરી પરંતુ કયાંયથી મળ્યા નહી. એટલે કંપનીમાં પાછો ફોન કર્યા કે તમે કયા કુરીયરમાં મોકલ્યા છે અને કઈ તારીખે અને રસીદ નંબર વગેરે આપો. ત્યાંથી માહિતી આવી પછી કુરીયર વાળાને ફોન કર્યા કે આ કંપનીમાંથી અમારા પાર્સલ આવેલા તે કયાં મુકયા છે ? તેમનો જવાબ મળ્યો કે તમારી ઓફિસમાં આપી દીધા છે. અમારી ઓફિસમાંથી રીસીવનો સિકકો પણ મારેલો છે. ઓફિસમાં બધા સ્ટાફને પૂછપરછ કરી કે આપણે સિકકો મારી પાર્સલ લીધા છે તો કયાં મુકયા છે ? તો કોઈને કાંઈ ખબર નથી. પછી ઓફિસના સ્ટાફે વિવિધ ડીપાર્ટમેન્ટમાં તપાસ કરી કે કોઈ પાર્સલ આવ્યું છે ? પરંતુ કયાંયથી કાંઈ મળ્યુ નહી. અંતે સંસ્થાના વડા સાથે વાત કરી કે આવુ થયું છે. આ બે મશીન મળતા નથી. ત્યારબાદ **સેવા રૂરલની પ્રણાલીકા મુજબ** એવું નકકી થયું કે તે મશીનની હાલમાં જે કિંમત થતી હોય તે નકકી કરીને પછી બધા સ્ટાફ પાસેથી ફાળો લઈને જમા કરાવીએ. આ ચાલી રહયું હતું તે દરમ્યાન

હોસ્પિટલમાં નવું બાંધકામ ચાલી રહયું છે, તેમાં નવા ઓપરેશન થીયેટર બનાવ્યા છે. તેનું ઉદ્ઘાટન હતું તો ત્યાં નવા ઓ.ટી.માં બધો સામાન ગોઠવતા હતા ત્યારે આ બે મશીન ત્યાંથી મળ્યા. બન્યું એવુ કે નવા ઓપરેશન થીયેટર માટે નવાં મશીનો, દવાઓ અને અન્ય નવી વસ્તુઓ સ્ટોરમાં આવેલી. સ્ટોરમાંથી આ બધી વસ્તુઓ ઓ.ટી. માં લઈ ગયા ત્યારે આ જે ખોવાયેલ પાર્સલ સ્ટોરમાંથી ઓ.ટી.માં લઈ ગયેલાં અને છેલ્લે ત્યાં ઓ.ટી.માં પાર્સલ ખોલ્યાં ત્યારે ત્યાંથી આ મશીનો મળ્યાં.

આ ઘટનાને લઈ અમે વધુ સજાગ થયા અને હવે પછી આવુ ન થાય તે માટે વધુ ચોકસાઈ રાખી યોગ્ય વ્યકિતને યોગ્ય જગ્યાએ કુરીયર મોકલતા અને રીસીવ કરતા થયાં.

## સંશોધનની એરણે

### માટી બચાવો (Save Soil)

પ્રસ્તાવના :

સવારે સૂર્યનું પહેલું કિરણ, જયારે ધરતી પર પડે છે ત્યારે તે ફકત જમીનને સ્પર્શતું નથી – તે માટીને ઉઠાડે છે. એ માટી, જેને આપણે રોજ પગે કચડીએ છીએ, દુનિયાની સૌથી જીવંત વસ્તુઓમાંથી એક છે. એક ચમચી સ્વસ્થ માટીમાં લાખો સૂક્ષ્મજીવો હોય છે. તેઓ કામ કરે છે, શ્વાસ લે છે, મરે છે, ફરી જન્મે છે. આ અજાણી દુનિયા આપણા ખોરાકને જન્મ આપે છે.

વૈજ્ઞાનિક રીતે માટીની શકિત માપી શકાય છે. જે બતાવે છે કે માટીમાં કેટલું જીવંત–જૈવિક તત્વ છે. સ્વસ્થ માટીમાં તે ૩થી૬% હોવું જોઈએ. પરંતુ ભારતની ખેતી લાયક જમીનના મોટા ભાગમાં તે ૦.૫% કરતા પણ ઓછું છે. સામાન્ય ભાષામાં માટી થાકી ગઈ છે. માટી થાકે ત્યારે તે બોલતી નથી. તે કોઈ પત્ર લખતી નથી. તે રસ્તા પર ઉતરતી નથી. પરંતુ તેની અસર આપણા રસોડામાં દેખાય છે. થાળીમાં ખોરાક ઓછો પોષક બને છે. પાણી ઝડપથી વહેવા લાગે છે અને ખેડૂતોની જીંદગી વધુ અનિશ્ચિત બનવા લાગે છે.

ભારત જેવી જમીન પર આધારિત સંસ્કૃતિ માટે આ એક ગંભીર સંકેત છે. આજે પણ લગભગ અડધા ભારતીયો સીધા કે આડકતરી રીતે ખેતી પર નિર્ભર છે. જયારે માટી નબળી પડે છે, ત્યારે માત્ર પાક નહીં, આખું ગ્રામ્ય અર્થતંત્ર પડી ભાંગે છે. હજારો વર્ષોથી આ ધરતીએ આપણને ખવડાવ્યું છે. આજે તે શાંતિથી પૂછે છે – શું આપણે તેને બચાવશું?

**માટીની અંદરની દુનિયા અને તેનો તુટતું સંતુલન :**
માટીનું હૃદય છે તેના જૈવિક તત્વો. તેમાં સૂક્ષ્મજીવો, ફૂગ, બેકટેરિયા, કાર્બન અને છોડના અવશેષો ભળેલા હોય છે. આ બધું મળીને એક એવી વ્યવસ્થા બનાવે છે જે પોષક તત્વોને છોડ સુધી પહોંચાડે છે, પાણી રાખે છે અને જમીનને મજબૂત રાખે છે. જયારે આ જૈવિક તત્વ ઓછું થાય છે, ત્યારે માટી ખાલી થવા લાગે છે. તે વરસાદનું પાણી પકડી શકતી નથી. તે પોષક તત્વો અટકાવી શકતી નથી. પાકનાં મૂળ મજબૂત રહેતાં નથી. પરિણામે વધુ ખાતર નાખવું પડે છે, વધુ દવા છાંટવી પડે છે અને વધુ પાણી આપવું પડે છે. ભારતમાં આ પ્રક્રિયા છેલ્લા દાયકાઓથી ચાલે છે. રાસાયણિક ખાતર અને એક જ પાક આધારિત ખેતીને કારણે માટી વધારે ને વધારે નબળી પડતી ગઈ છે. આજે ઘણા વિસ્તારોમાં વરસાદનું પાણી જમીનમાં ઉતરતું નથી; તે વહે છે અને પૂર બને છે. થોડા મહિના પછી એ જ જમીન સુકી રહે છે. દુષ્કાળ અને પૂર – બંને

એક જ મૂળમાંથી જન્મે છે : નબળી માટી. આ તૂટેલું સંતુલન આપણા ખોરાકને પણ બદલે છે. ભારતીય ખોરાકમાં છેલ્લા કેટલાક વર્ષોમાં લોખંડ, ઝિંક અને અન્ય સૂક્ષ્મપોષક તત્વો ઘટતા ગયા છે. આ પોષક તત્વો માટીમાંથી આવે છે. જયારે માટી ખાલી થાય છે, ત્યારે ખોરાક પણ ખાલી થાય છે.

**ભવિષ્ય કે જેનો આધાર માટી પર :**

ભારતનું ભવિષ્ય ફેકટરીઓ અને ફલાયઓવર પર નહીં, પરંતુ ખેતરોની માટી પર ઊભું છે. જો માટી જીવંત રહેશે, તો ખોરાક રહેશે. જો ખોરાક રહેશે, તો લોકો સ્વસ્થ રહેશે. જો લોકો સ્વસ્થ રહેશે, તો દેશ મજબૂત રહેશે.

માટી બચાવવી એટલે કોઈ એક પદ્ધતિ અપનાવવી એવું નથી. તે એક વિચારધારા છે – કે ધરતીને આપણે ફકત ઉપયોગ ન કરીએ નહીં, પરંતુ સાચવણ પણ કરીએ.

માટી ભલે આપણા પગ તળે છે, પણ આપણું ભવિષ્ય તેના પર ઊભું છે. અને ભવિષ્ય ત્યારે જ સુરક્ષિત બનશે, જયારે આપણે આજે માટીને ફરી જીવંત બનાવવા તૈયાર થઈશું.

માટી બચાવો. કારણ કે આ લડાઈ જમીન માટે નહીં, જીવન માટે છે.

## નાનાઓની મોટાઈ

હોસ્પિટલમાં આવતા દર્દીના સગાઓ પણ ખૂબ ઈમાનદાર હોય છે. અમારા પાર્કિંગ એરીયામાંથી દર્દીના સગાને એક પાકીટ મળ્યું. જે સગા પાકિટ લઈને ઓફિસમાં આવ્યા. તેમની હાજરીમાં પાકીટ ખોલીને કેટલા રૂપિયા હતા તેની ગણતરી કરી. પછી આધાર કાર્ડમાં નામ હતું. જે તલોદરા ગામના હતા. પરંતુ ફોન નંબર ન હતો. સેવા રૂરલના ઓળખીતા ને અમે ફોન કર્યો. તેઓ તે બેનના ઘરે ગયા અને અમારી સાથે વાત કરાવી ત્યારે તે બેન પાકીટ જ શોધતા હતા. બેને કહયું કે અમે આજે સેવા રૂરલમાં સવારે આવ્યા હતા. બેને ઝઘડિયામાં રહેતા તેમના સબંધીને હોસ્પિટલમાં મોકલ્યા અને રૂબરૂમાં પાકીટ પરત આપ્યું.

તેવી જ રીતે એક દર્દીના એક સગાને કેસબારી આગળથી રૂા.૧૨૦૦/– મળ્યા. ઓપીડીમાં તેમણે તપાસ કરી કે કોઈ પૈસા શોધતુ આવે છે કે નહી. પરંતુ કોઈ તેમને મળ્યું નહી પછી કેસબારી વાળા નરેશભાઈ વસાવાને રૂા.૧૨૦૦/– જમા કરાવ્યા. આ તો કેવી મોટી વાત કહેવાય. ઈમાનદારી સામાન્ય લોકોમાં હોય છે તે વાત સ્પર્શી ગઈ.

ઓછા વજનવાળા બાળકોને NICUમાં રાખવામાં આવે છે તે NICU માં એક બેન મોબાઈલ ફોન ભૂલી ગયા. આ ફોન પણ દર્દીના સગાને મળ્યો. NICU માં નર્સ બેનોને જાણ કરી . નર્સબેનોએ ખાતરી કરીને જે તે માતાને ફોન પરત કર્યો.

સામાન્ય રીતે હોસ્પિટલમાં કોઈ વસ્તુ, પાકીટ વિ. ખોવાઈ જાય અને જો અમારા સ્ટાફના હાથમાં આવે તો તે અવશ્ય જે ને દર્દી – સગાને પરત મળી જાય. **પરંતુ દર્દીના સગાને મળતી વસ્તુઓ પણ, પ્રમાણિકતાથી સંસ્થામાં જમા કરાવે છે. આવા પ્રસંગો, "સામાન્ય માણસમાં રહેલી સારપ" ની અમારી સમજણને દૃઢ બનાવે છે.**




ટ્યુટોરિયલ વાર્ષિક કાર્યક્રમ



બ્લડ ડોનેશન કેમ્પ, ડેડીયાપાડા



સ્વરોજગાર માટે સિવણ અને
બ્યુટીપાર્લર કીટ વિતરણ, GCPL દહેજ



મોટો પ્રવાસ – કાર્યકર અને પરિવાર




ઝોલા લાઈબ્રેરીની શરૂઆત




રેવા મેરેથોન ૩.૦, અંકલેશ્વર

જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.
મા શારદા

પ્રિન્ટેડ બુક

**—: વિશેષ સુચના :—**

અમારા સંસ્થામાંથી પ્રકાશિત થતું ત્રિમાસિક મુખપત્ર 'સેવા સુવાસ' E-mail થી મેળવવા માટે www.sewarural.org પર subscribe કરો.

**પ્રકાશક :**
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી ,
ઝઘડીયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લિક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ
**E-mail : sewarural@ymail.com, Website : www.sewarural.org**
**Facebook : http://www.facebook.com/sewarural**
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮, (મો.) ૯૪૨૮૪ ૪૩૬૧૭
**PAN No. AAATS 7375J**

શા.મ.વિ.સો. પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. એફ/૯૦૩/ભરૂચ
**smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org**
ફોન નં. (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, (મો.) ૯૪૨૯૦ ૩૬૪૯૦
**PAN No. AACTS 8212L**